# વિશ્વવિહાર


વર્ષ : 27 * અંક : 9 * જૂન 2025 * કિં. ₹ 15



અવાક્ શહેર, તૈલચિત્ર, ૧૯૭૫–૭૬



કુંદનબહેન અંબાલાલ કલા–ગૌરવ પુરસ્કારથી
સન્માનિત શ્રી ગુલામમોહમ્મદ શેખ




આ નગર વેચવાનું છે, તૈલચિત્ર, ૧૯૮૧–૮૪




કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર સ્વીકારતા શ્રી ગુલામમોહમ્મદ શેખ
(જમણી બાજુથી) સર્વશ્રી નીતિન શુક્લ, પ્રવીણ લહેરી, અમિત અંબાલાલ,
ગુલામમોહમ્મદ શેખ, કુમારપાળ દેસાઈ, પીયૂષ ઠક્કર, પ્રીતિ શાહ




વિશ્વકોશમાં આયોજિત શ્રી ધીરુબહેન પટેલનાં સ્મરણોની લ્હાણી કાર્યક્રમમાં
ઉપસ્થિત વક્તાઓ અને મહાનુભાવો

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# જન્મશતાબ્દીના પ્રારંભે

કુમારપાળ દેસાઈ

મુંબઈના ઍરપૉર્ટ પર ઊતરીને મોટરમાં મારો સામાન મૂકું એટલે તરત જ ડ્રાઈવર સોમદેવ બોલી ઊઠે, 'સાહેબ ! પહેલાં આપણે રાઈટર દીદીને ત્યાં જવાનું છે ને ?' અને પછી ધીરુબહેનને ત્યાં જઈએ અને નાસ્તો તથા આઇસક્રીમ સાથે નિરાંતે વાતો થાય. એક સમયે એમના મનમાં મોટી દ્વિધા કે મુંબઈ છોડીને હું અમદાવાદ આવું તો, અમદાવાદમાં મને ગમશે ખરું ?

મુંબઈમાં એકાદ ફ્લૅટ ખરીદીને રહેવાનો વિચાર કરતાં હતાં, પણ એમ કરવા જતાં થનારી શક્ય મુશ્કેલીઓની ચિંતાને કારણે એમણે એ વાત મુલતવી રાખી અને પછી તો હું અમદાવાદ આવું એટલે તરત જ એમનો ફોન આવે કે મારાં બધાં પુસ્તકો એકઠાં કરું છું અને એનાં બૉક્સ વિશ્વકોશમાં મોકલાવું છું.

વિશ્વકોશના એક અલાયદા ખંડની સઘળી વ્યવસ્થા કરી અને સાથોસાથ ધીરુબહેનને માટે એક અલાયદી રૂમ પણ ફાળવી દીધી. પ્રમાણમાં વૃદ્ધ થઈ ગયેલી, વ્હિલચૅર પણ બદલી નાખી અને ભવનમાં પ્રવેશવા માટેનો રસ્તો પણ રિપૅરિંગ કરીને તૈયાર કરી દીધો. પછી તો વિશ્વકોશમાં એવાં એકરૂપ થઈ ગયાં કે એ હંમેશાં કહેતાં, 'અહીં મને મારું ઘર મળી ગયું.'

એમણે સહુને સ્નેહ આપ્યો અને સહુનો સ્નેહ મેળવ્યો. બાહ્ય જગત પ્રત્યે અપાર સ્નેહ, પરંતુ એટલું જ આંતરજગતમાં ઊંડું અધ્યાત્મ અને એમના અધ્યાત્મની વાત કહું તો એમણે મને એક પોસ્ટકાર્ડ બતાવ્યું. એના પર ૨૯-૫-૧૯૪૦ના દિવસે લખાયેલી એ

ધ્યાનમગ્ન પ્રશાંત પ્રભુની
પ્રતિમા નયને રમે
કોમળ શીતળ કાંતિ વડે
મુજ ત્રિવિધ તાપ હરે

દર્શનમાત્રથી દુઃખહરંત
હે આદીશ્વર અનંત!
મૂર્તિ તમારી હૃદયે વસે
તો જીવન બને આનંદ!

પાલીતાણા
૨૯-૫-૧૯૪૦

ધીરુબહેન પટેલ

કવિતા હતી. ૧૯૨૬ની ૨૯મી મેએ જન્મેલાં ધીરુબહેને એ કવિતા ચૌદ વર્ષની વયે લખી હતી. તેઓ પાલિતાણામાં આવેલા શ્રી શત્રુંજય તીર્થ પર ગયાં હતાં અને એ તીર્થના મૂળનાયક(મુખ્ય ભગવાન) આદીશ્વર ભગવાન(ભગવાન ઋષભદેવ)ની મૂર્તિ જોઈને એમણે આ કવિતા લખી હતી.

આ કવિતા વાંચતાં મને આનું પારાવાર આશ્ચર્ય થયું. સવિશેષ તો જૈન ધર્મ સાથેનો એમનો આટલો બધો પરિચય હશે, તેની કલ્પના પણ નહોતી. કોઈ પણ ધર્મનાં ક્રિયાકાંડમાં એમને રસ નહીં, રસ હતો એમને માત્ર એમાં રહેલી ભાવના અને એના ગર્ભિત અધ્યાત્મમાં. હજી મારું આશ્ચર્ય શમે તે પૂર્વે મને મિત્રાબહેન પટેલે નવકારમંત્ર વિશેની બીજી કવિતા આપી.

આ કવિતા એમણે કોઈ કવર પર લખી રાખી હતી. ધીરુબહેનની પાસે કોઈ કાગળ હોય તો તેના પર કવિતા લખે, કોઈનું કવર આવ્યું હોય તો એની પાછળ કવિતા લખે, વિચારીએ કે એ સર્જનનો ધોધ કેવો હશે કે જે તત્કાળ પ્રગટ થયા વિના રહી શકતો નહીં હોય !

એમનું શ્રી નવકાર મહામંત્ર વિશેનું કાવ્ય તો કોઈ ધર્મભાવનાથી પૂર્ણ એવા કાવ્ય જેવું છે. અરિહંત એટલે જગતનાં કામ, ક્રોધ, મદ અને મોહને હણનારા. શુક્લ ધ્યાનમાં રહેનારા. એવા અરિહંત પાસે તેઓ આત્મજ્ઞાનમાં સ્થિર દૃષ્ટિ પ્રાપ્ત થાય તે માટે કરુણાની મંગલમય વૃષ્ટિની ભાવના સેવે છે. આ રહ્યું એ કાવ્ય,

## અનુક્રમ


| | | |
|---|---|---|
| જન્મશતાબ્દીના પ્રારંભે | ૩ | કુમારપાળ દેસાઈ |
| આતંકવાદનું સિંદૂર | ૯ | પ્રવીણ ક. લહેરી |
| વૃક્ષોનાં મૂળિયાંની વાત | ૧૩ | ચિંતન ભટ્ટ |
| માનવીનો ચહેરો - વૈશ્વિક સ્તરે | ૧૬ | પ્રીતિ સેનગુપ્તા |
| કશાલા પન્હાલા ફૉર્ટ ? | ૨૦ | સુધા ભટ્ટ |
| આપણી કૉલેજો વિશે... | ૨૨ | રતિલાલ બોરીસાગર |
| દરેક શહેરમાં વૃક્ષ-હૉસ્પિટલ | ૨૫ | પ્રીતિ શાહ |
| ચીનના મિઆનયાંગનું પિક્સેલૅન્ડ – એક રંગીન રમત | ૨૭ | હેમંત વાળા |
| 'કવિ કાન્ત' ફિલ્મ સંશોધન, શબ્દ, છબી અને ધ્વનિનું રસાયણ | ૩૦ | અમૃત ગંગર |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |
| પિતાની પુણ્યસ્મૃતિ સાથે | ૩૪ | વંદના નાનક પંડ્યા |

જેને રોમ રોમ નવકાર
તેને (વ્યાપે નહીં વિકાર) નડે નહીં સંસાર
જિનમૂર્તિમાં ચિત્ત રમે
પ્રભુચરણે તે તો નિત્ય નમે.
શુક્લધ્યાનમાં રહે નિરંતર
શાંત સદા એનું છે અંતર.... જેને.
કામ, ક્રોધ, મદ, મોહ, લોભ
વળી મત્સરનો નહીં લેશ
અરિહંત પ્રભુએ હણ્યા સર્વને
મટ્યો જગતનો ક્લેશ... જેને.
આયુ સ્વાસ્થ્ય ને શ્રી સમૃદ્ધિ
સ્નેહભાવમાં હોજો વૃદ્ધિ
આત્મજ્ઞાનમાં સ્થિર હો દૃષ્ટિ
કરુણાની મંગલમય વૃષ્ટિ... જેને.



**શ્રી ધીરુબહેન પટેલ**

નાની વયે ધીરુબહેનને રમણ મહર્ષિની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. એમનાં માતા ગંગાબહેન સાથે લાંબી મુસાફરી કરીને તેઓ રમણ મહર્ષિના આશ્રમે ગયાં હતાં. ટ્રેનની લાંબી મુસાફરીથી થાકી ગયેલાં ધીરુબહેન હજી સામાન મૂકે છે, ત્યાં એમનાં માતા ગંગાબહેને એમને કહ્યું, ‘ચાલો ! પહેલાં રમણ મહર્ષિજીનાં દર્શન કરી આવીએ.’

ધીરુબહેનને જરા અકળામણ સાથેનો અણગમો આવ્યો. આવી લાંબી મુસાફરી કરીને થાકીને લોથપોથ થઈ ગયા હોઈએ, પછી થોડો આરામ કરીને જઈએ તો વધારે સારું, પરંતુ માતાના કહેવાથી તેઓ ગંગાબહેન સાથે દર્શનાર્થે ગયાં. શ્રી રમણ મહર્ષિનું દર્શન કરતી વખતે એક અત્યંત ભિન્ન અનુભવ થયો. ચોતરફ પ્રકાશ-વર્ષા થઈ રહી હોય એવું લાગ્યું, પોતાની આંતરચેતનાને થયેલા આ અનુભવની ભાગ્યે જ કોઈને વાત કરતાં, પરંતુ વિશ્વકોશમાં આવ્યાં ત્યારે પહેલાં એમણે મને શ્રી રમણ મહર્ષિની છબી આપી અને એ પછી રમણ મહર્ષિનાં પુસ્તકો ગુજરાતી ભાષામાં પ્રકાશિત થાય તે માટે એમણે અથાગ પ્રયત્ન કર્યા. તિરુવન્નામલઈના શ્રી રમણાશ્રમના સંચાલકોએ ઠરાવ્યું હતું કે શ્રી રમણ મહર્ષિનાં પુસ્તકોનું આશ્રમ દ્વારા જ પ્રકાશન કરવું, જેથી સહુને અધિકૃત માહિતી મળે. ધીરુબહેનને આ કામ સોંપવામાં આવ્યું હતું. એમણે આ કાર્યમાં પોતાની જાતને ડુબાડી દીધી. એનો સંપૂર્ણ અનુવાદ જોઈ ગયાં, એથીયે વિશેષ પુસ્તક પ્રગટ કરતાં પૂર્વે એકેએક પૃષ્ઠ વાંચી ગયાં. કારણ એટલું જ કે એમાં નાનીસરખી પણ જોડણીની કોઈ અશુદ્ધિ ન રહે. તેઓ વારંવાર રમણાશ્રમ જવાની વાત કરતાં, ક્યારેક એનાં સ્મરણો પણ કહેતાં.

ધીરુબહેન ઇચ્છતાં કે જન્મદિવસની ઉજવણી તો છલોછલ પ્રકૃતિની વચ્ચે કોઈ જંગલમાં કરવી જોઈએ. હું મજાકમાં કહેતો કે મારું ઘર દૂર છે, જંગલમાં જ ગણાય. તમે આવો અને તેઓ આવ્યાં અને અમે સહુએ એમના જન્મદિવસની રંગેચંગે ઉજવણી કરી. પરિવારની વ્યક્તિ હોય કે કોઈ પરિચિત વ્યક્તિ હોય, પરંતુ એમને જાણ થાય કે એ અસ્વસ્થ છે, તો સતત એમની સંભાળ લેતાં. ‘વિશ્વવિહાર’ માટે કોઈ સ્મરણ લખી આપો એવી વિનંતી કરીને હું ઘેર જતો અને ઘેર પહોંચ્યો હોઉં ત્યાં થોડી વારમાં એમનો

ફોન આવે કે લેખ તૈયાર કરીને તમારા ટેબલ પર મુકાવ્યો છે. એમની પાસે સર્જકતાનું ઝરણું કે નદી નહીં, પણ ધોધ હતો.

એમના સર્જનનો પ્રારંભ વાર્તાથી થયો. એ પછી એમની પાસેથી લઘુનવલો અને નવલકથા મળી. 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ', 'વાવંટોળ', 'કાદંબરીની મા', 'એક ડાળ મીઠી', 'અતીત રાગ' અને 'વમળ' જેવી પ્રભાવક નવલકથા મળે, તો 'ગગનનાં લગન' જેવી સળંગ લાંબી હાસ્યકથા પણ મળે. 'વાંસનો અંકુર', 'એક ભલો માણસ', 'આંધળી ગલી' અને 'આગંતુક' જેવી લઘુનવલો પોતાની આગવી ભાત રચતી ગઈ. ધીરુબહેન પાસેથી નાટક, એકાંકી, ચલચિત્રની પટકથા, બાળનાટક, બાળકાવ્યો, કિશોરકથાઓ, વાર્તાગ્રંથો અને અનુવાદગ્રંથો સઘળું મળે. આવાં ધીરુબહેનની જન્મશતાબ્દીએ જીવનનાં જાણકાર અને અધ્યાત્મનાં જાણતલ ધીરુબહેનના જીવનના કેટલાક પ્રસંગો જ માણીએ —

બાળપણમાં આંબલીના ઝાડ પર ચડીને વાંચવાનો ધીરુબહેનને ભારે શોખ હતો. છેક અંધારું થાય ત્યાં સુધી વાંચતાં રહેતાં. ધીરુબહેન મજાકમાં કહેતાં કે 'કદાચ વાંદરાનો કોઈક અંશ મારામાં આવ્યો હશે.' એમણે ગિજુભાઈ બધેકાનો સેટ ત્રણચાર વખત વાંચેલો. એક વાર 'મુછાળી મા' ગિજુભાઈ સાંતાક્રૂઝ આવેલા, ત્યારે ધીરુબહેને સાહજિક રીતે જ પૂછ્યું, 'તમારી વાર્તાઓ ગમે છે, પરંતુ એ બધી કાળા રંગમાં જ કેમ હોય છે ? કોઈ નારંગી, ભૂરો, લાલ રંગ હોય, તો વાંચવાની કેટલી બધી મજા આવે.' અને ગિજુભાઈએ 'વાઘોનું વન' નામની રંગીન પુસ્તિકા પ્રગટ કરી અને આઠ વર્ષનાં ધીરુબહેનને મોકલી પણ આપી.

એ સમયે ધીરુબહેનને એમ લાગતું કે તેઓ ભવિષ્યમાં લેખિકા થશે. એટલે એમણે સ્વયં પોતાને માટે 'સ્મૃતિનોંધ' લખી.

'મોટી ધીરુ, તું ચોપડી લખે, ત્યારે ભૂલી ન જતી કે તને વાંચવા માટે પુસ્તક ન મળે, તો કેટલું બધું દુઃખ થાય છે. આથી મોટા માટે લખાય કે ન લખાય, પણ નાનાં છોકરાંઓ માટે લખજે જ.' લિખિતંગ નાની ધીરુ.

ધીરુબહેને નાની વયથી ડાયરી લખવાનું શરૂ કર્યું હતું, એ છ વર્ષનાં હતાં ને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા, ત્યારે એમણે લખ્યું કે 'આ તારીખનો સૂરજ ઊગ્યો અને જગત હરખ્યું કે હાશ, ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.'

આવાં ધીરુબહેન સર્જનના સૂક્ષ્મ આનંદની વાત કરતાં કહેતાં, 'પતંગિયું પકડવા દોડાદોડ કરી મૂકતા બાળકને ખભે પતંગિયું પોતાની મેળે જ ઊતરી આવીને ક્ષણવાર બેસી જાય છે ત્યારે શું થાય છે ? મારી જ, આ તો મારી એકની જ - એવી પ્રતીતિ કરાવતી કલ્પના આપમેળે શબ્દોના પિંજરમાં પુરાવા તૈયાર થાય છે ત્યારે કેવો અનહદ આનંદ થાય છે. પરંતુ તે કોની, શી રીતે સમજાવવો ? સમજાવવાની જરૂરેય શી છે ? બસ, મનના એકાંતમાં જ માણવો અને સંસાર પાછો ઘેરી વળે ત્યારે ભૂલી જવો, એવી જ છે એની નિયતિ. પરંતુ ફૂલ વીણીને દેવચરણે ધરી દીધાં. પછી હથેળીમાં સુવાસ વળગી રહે છે તેમ આનંદની એ ક્ષણની સ્મૃતિ આપણી પાસે રહે છે. એ જ છે આપણી જીવનભરની કમાઈ - તે બીજા કોઈને શી રીતે બતાવી શકાય ? જે જાણે તે માણે. બીજા વખાણે કે નહીં તેની શી પરવા ?'

એવાં ધીરુબહેનના પ્રસન્નતાપૂર્ણ જીવનનો એક પ્રસંગ જોઈએ. એક વખત ઘણા લોકોની હાજરીમાં એક વડીલ તબીબે પોતે પણ સાહિત્ય વાંચે છે અને સમજે છે એવી બધાને જાણ કરવા માટે યુવાન ધીરુબહેનને સભાક્ષોભ ઉત્પન્ન થાય એવો પ્રશ્ન પૂછ્યો, 'આ તમારી 'કલાકારની પત્ની' વાર્તા વાંચી. આમ તો સારી છે, પણ તમે લગ્ન તો કર્યાં નથી. પતિ-પત્નીના સંબંધની આવી વાર્તા તમે તમારા કયા અનુભવને આધારે લખી?'

આસપાસમાં લોકો તદ્દન શાંત થઈ ગયા. બધાને ધીરુબહેનનો ઉત્તર સાંભળવાની ઉત્સુકતા હતી. વળી ધીરુબહેન પણ એમ કંઈ હારી ખાય, સરસ્વતીની થોડીઘણી જે ઉપાસના કરેલી, તે કંઈ એળે થોડી જાય ? એ દેવીની કૃપાથી ધડ દઈને ધીરુબહેને જવાબ આપી દીધો, 'તમારે હિસાબે તો અગાથા ક્રિસ્ટીને ફાંસીએ જ ચડાવવી જોઈએ નહીં, ડૉક્ટરસાહેબ ?' આગળ સમજાવવું ન પડ્યું કે દરેક રોગની સારવાર કરતાં પહેલાં ડૉક્ટરને એ રોગ થયેલો હોવો જોઈએ, એ જેમ જરૂરી નથી, તેમ લેખક જે કંઈ લખે તે બધા અનુભવમાંથી એણે પસાર થવું જોઈએ એ પણ જરૂરી નથી. લોકોની હસાહસમાં ડૉક્ટરસાહેબની ચબરાકી ભોંઠી પડી ગઈ, પણ આ ઘટનાથી ધીરુબહેનને હર્ષ નહોતો થયો. ઘણા વખત સુધી વિચાર આવ્યા કર્યો - સાહિત્ય મૂલવવાની સમાજની દૃષ્ટિ જો આવી જ હોય તો આ લખવાનો ધંધો કરવા જેવો ખરો ?

ધીરુબહેનની પહેલી નવલકથા 'વડવાનલ'નાં બેએક પ્રકરણ છપાયાં અને એમના પર લોકોના 'ગોળીબાર' શરૂ થયા. 'આ અંજના કોણ છે ?' 'ગંગાબહેનના ને તમારા સંબંધો કેવા છે ?' 'તમારા નાનપણમાં તમારાં બાએ તમારી સાથે આવું વર્તન કરેલું ? વગેરે.

ધીરુબહેનનાં માતા ગંગાબહેન ગાંધીજીની પ્રવૃત્તિઓ સાથે ગાઢપણે જોડાયેલાં. વિદેશી કાપડની હોળી કરી હતી. છ વખત તો જેલમાં જઈ આવેલાં. 'વડવાનલ' નવલકથાનું ત્રીજું પ્રકરણ હજી તો લખવાનું બાકી હતું. ધીરુબહેન ઉદાસ ચહેરે બારી પાસે બેસી રહ્યાં. એમનાં બાનું ધ્યાન ગયું. પોતાનું કામ છોડીને એમની પાસે આવ્યાં, 'શું થયું છે ? તબિયત નથી સારી ?'

'તબિયત તો સારી છે, પણ બહુ મૂંઝવણ થાય છે.'

'શાની ?'

ધીરુબહેને કહ્યું, 'બા, હજુ મેં બે જ પ્રકરણ લખ્યાં છે. અત્યારથી લોકો આવું પૂછવા માંડ્યા છે ને મારે તો બાવન પ્રકરણ લખવાનાં છે. ને આગળ જતાં મારા વિચાર પ્રમાણે ઘણું બધું આવું ને આવું જ થવાનું છે, તો શું કરું ? હજુ બહુ મોડું થયું નથી. વાર્તા બદલી નાખું ?'

ગંગાબહેન કાંઈ બોલ્યાં નહીં. ઠપકાભરી નજર નાખીને આઘાં ખસી ગયાં. ધીરુબહેને પાછળ પાછળ જઈને એમને ગળે હાથ ભેરવ્યા ને બોલ્યાં, 'કહો ને બા ! શું કરું? આપણા બે માટે લોકો આવું ધારે તે કેમ સહન થાય ? એના કરતાં —'

ધીરુબહેનના હાથ સહેજ છૂટા કરીને ગંગાબહેને કહ્યું, 'લોકોની પરવા કરે તેને લેખક કહેવાય ? તારે જે લખવું હોય તે જ તું લખ. પછી ધીરુબહેનને એકદમ વહાલથી ભેટી પડ્યાં અને બોલ્યાં, 'ધીરુ, આપણા બેની વાત આપણે જ જાણીએ. લોકોને છોને જે ધારવું હોય તે ધારે, જે બોલવું હોય તે બોલે. એમાં આપણે શું ? બરોબર ને ?'

‘ખરી વાત !’

‘તો જા, લખવા બેસ.’

‘હમણાં નહીં. રાતે લખીશ.’ ધીરુબહેનનો આનંદિત ચહેરો જોઈ એમનાં બા ગંગાબહેન ખુશ થયાં અને હળવેથી પૂછ્યું, ‘જોકે મારાથી પુછાય નહીં, તોયે કહે ને, શું લખવા ધાર્યું છે.’

‘જે પહેલેથી મારા મનમાં ધાર્યું છે તે જ.’

‘હવે મારી દીકરી !’

ધીરુબહેન હંમેશાં એમ કહેતાં કે આવી માની દીકરી થવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું, તે કયા પુણ્યનું ફળ હશે ?

એ પછી ‘વડવાનલ’નાં માદીકરીનો સંઘર્ષ વધતો જ ગયો અને નવલકથા એના નકશા પ્રમાણે જ આગળ ચાલી. પૂરી થઈ અને વખણાઈ પણ ખરી. ધીરુબહેન વિચારવા લાગ્યાં કે ત્રીજા પ્રકરણથી પોતાની કમજોરીને કારણે એનું વહેણ બદલાઈ ગયું હોત, તો કેવોય દાટ વળત !

એક નાનકડી બાલિકા દરરોજ સાંજે ધીરુબહેનનાં એક બહેનપણીને ત્યાંથી ધીરુબહેને લખેલી બાળસાહિત્યની ચોપડી ‘અંડેરી ગંડેરી ટીપરી ટેન’ લઈ જતી અને સવારે પાછી આપી જતી. દસબાર દિવસ પછી એ જ્યોત્સ્નાબહેને પૂછ્યું, ‘બેબી, તું બેચાર દિવસ તારી પાસે જ ચોપડી રહેવા દે અને વાંચી લે ને!’

‘હું વાંચતી નથી.’

‘તો ?’

‘લખું છું. રોજ થોડી થોડી લખું છું. પાછું મારે સ્કૂલે જવાનું, લેસન કરવાનું એટલે બહુ નથી લખાતું.’

‘પણ આ ચોપડી તો બજારમાં મળે, તું લખે છે શું કરવા ?’

‘કારણ કે મને એ બહુ બહુ જ ગમે છે. હું રોજ થોડું થોડું ઉતારી લઉં, તો એક દિવસ એ ચોપડી મારી પોતાની થઈ જશે ને !’

આ ઘટનાનું સ્મરણ કરતાં ધીરુબહેન વિચારે છે કે એક સર્જકને માટે આનાથી વધારે મૂલ્યવાન કોઈ અનુભવ હોઈ શકે ખરો ?

કાર્યક્રમના આયોજનમાં પણ ધીરુબહેનની સર્જકતા જોવા મળતી, પછી તે કોઈ કાર્યશિબિર હોય કે બાળસાહિત્યનો કાર્યક્રમ. એક અર્થમાં તેઓ સાહિત્યઉદ્યાનનાં માળી હતાં અને કેટલાય નવોદિતોને એમણે પ્રેરણા આપી છે. ઘણાનો પ્રમાદ દૂર કર્યો છે. આવાં અંગત-બિનઅંગત કેટલાંય સ્મરણોની ગઠરિયાં છે, પણ હવે સ્મરણોની ગઠરિયાંને બાંધીને આવતી કાલની વાત કરવા માગું છું.

ધીરુબહેનની ૨૯મી મે, ૨૦૨૫ના રોજ જન્મશતાબ્દીનો પ્રારંભ થયો છે અને એ જન્મશતાબ્દીના ઉપલક્ષમાં ધીરુબહેનની ભાવનાને પ્રગટ કરે એવા વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છીએ. કોઈ કાર્યક્રમ જોડણી-શિક્ષણનો હોય, તો કોઈ નવોદિત લેખનશિબિર હોય, કોઈ કાર્યક્રમ વિશ્વાની બહેનોને માટે હોય, તો કોઈ બાળકો માટે હોય. આવા કાર્યક્રમોનું આયોજન થાય છે, ત્યારે તમારું પણ કોઈ સૂચન હોય તો જરૂર જણાવશો. ✍

# આતંકવાદનું સિંદૂર

પ્રવીણ ક. લહેરી

પહેલગામ નજીકની બૈસરન નામની હરિયાળી ખીણમાં કુદરતી સૌંદર્ય માણતાં અંદાજે બે હજાર પ્રવાસીઓ પર ૨૨ એપ્રિલે એક આંતકીજૂથે હુમલો કર્યો. દરેક પુરુષને તેનો ધર્મ પૂછીને તેમના પરિવાર સામે જ ગોળી મારી નિર્મમ રીતે હત્યા કરવામાં આવી. ૨૭ વ્યક્તિઓને કશા કારણ વિના મોતને ઘાટ ઉતારનારી ટુકડી પાછળ પાકિસ્તાનના જૈશ-એ મોહમદ અને લશ્કરે-તોયબા જેવા નામચીન આતંકીજૂથોનો હાથ હતો. પાકિસ્તાનના જાસૂસીતંત્ર આઈ.એસ.આઈ.ના બગલબચ્ચા જેવાં આ આતંકી-સંગઠનો ભારતમાં હિંસા આચરીને કોમી તણાવ વધારવા અને ભારતની વિકાસકૂચમાં રોડાં નાખવાનું કામ કરે છે. વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ના વિશેષ અધિકારો દૂર કર્યા બાદ ધીમે ધીમે કાશ્મીરમાં શાંતિ સ્થપાઈ હતી. હડતાળો, પથ્થરબાજી, બંધ અને આતંકી કૃત્યો ભૂતકાળની ઘટનાઓ બની ચૂકી છે તેવો ભરોસો ત્યાંની પ્રજા અને તંત્રને હતો. વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ નૅશનલ કૉંગ્રેસ અને કૉંગ્રેસના ગઠબંધનમાં મિશ્ર સરકારની રચના થઈ છે. ઓમર અબ્દુલાના મુખ્ય મંત્રીપદ હેઠળ વહીવટ દ્વારા વિકાસલક્ષી કામોની શરૂઆત થવાના સમયે પહેલગામમાં થયેલા હુમલા અને તેમાં સ્થાનિક લોકોની સંડોવણીના કારણે સ્થિતિ ચિંતાજનક બની હતી. જનસામાન્યમાં આક્રોશ હતો કે આવી સ્થિતિ ક્યાં સુધી સહન કરવાની ? શું આતંકીઓનો સફાયો શક્ય નથી ?

આવા ઉગ્ર વાતાવરણ વચ્ચે ભારતે નક્કી કર્યું કે હવે બહુ થયું. પાકિસ્તાન આતંકી-જૂથોને આગળ કરી ભારતને સતત નુકસાન કરે છે તે સ્થિતિનો ઉકેલ લાવવો આવશ્યક છે. થોડી ધીરજ અને વ્યવસ્થિત આયોજન બાદ ભારતે પહેલગામ ઘટનાના પંદર દિવસ બાદ ૭મી મે, ૨૦૨૫ની રાત્રે મિસાઇલોના તીવ્ર હુમલા સાથે પાકિસ્તાનની સરહદમાં ચાલતા ૯ આતંકી અડ્ડાઓને તહસનહસ કરી નાખ્યા. આ હુમલાની ભીષણતા જોઈને આતંકીઓ અને તેના આકા સમાન પાકિસ્તાની સરકાર સમસમી ઊઠી. આતંકીઓએ ૨૭ પુરુષોની હત્યા કરી તેની પત્નીઓનું સિંદૂર રોળી નાખ્યું હતું. તેને કેન્દ્રબિંદુ બનાવીને 'ઑપરેશન સિંદૂર' નામ સાથે લશ્કરી કાર્યવાહી કરી ભારતે સ્પષ્ટ કર્યું કે હવે તે આવી કોઈ ઘટના સહન કરશે નહીં. આતંકીઓ અને તેનાં થાણાંઓ જ્યાં હોય ત્યાં નષ્ટ કરવામાં જરાસરખો સંકોચ રાખશે નહીં. આતંકવાદને સમૂળગો ઉખેડી નાખવા માટે ભારત તેની તમામ તાકાતનો ઉપયોગ કરશે.

સામે પક્ષે પાકિસ્તાને ભારતે નેસ્તનાબૂદ કરેલા ૯ આતંકી કૅમ્પો પર દાગેલી મિસાઇલો અમારી પરનો હુમલો છે તેમ જાહેર કરીને એક યુદ્ધનો આરંભ કર્યો. તા. ૭થી ૧૦ મે સુધીમાં ભારત-પાકિસ્તાન વચ્ચે લડાયેલું યુદ્ધ એટલે 'ઑપરેશન સિંદૂર'ની વિશ્વના ઇતિહાસમાં અનેક અવનવી બાબતોના કારણે અચૂક નોંધ લેવાશે તેમાં શંકા નથી. આ યુદ્ધની અનેક વિશેષતાઓ છે.

(૧) સૌથી પ્રથમ તો આ એક એવું યુદ્ધ કે જેમાં ભારત-પાકિસ્તાને પોતાની સરહદ ઓળંગ્યા વિના જ ડ્રૉન, મિસાઈલ અને તોપો દ્વારા સામા પક્ષ પર હુમલા કર્યા હતા. ૭ મી મેએ ભારતે ૯ આતંકી ઠેકાણાંનો નાશ કર્યો તેની સામે પાકિસ્તાને જેમ તીડના ટોળાં ખેતીના પાક પર હુમલો કરે તેમ સેંકડોની સંખ્યામાં ડ્રૉન અને સ્વયં-સંચાલિત મિસાઈલો છોડીને ભારતનાં ૩૧ શહેરો પર આક્રમણ કર્યું. ભારતમાં વાયુહુમલા સામેની સંરક્ષણવ્યવસ્થામાં રશિયાના સહયોગમાં સ્થપાયેલી એસ-૪૦૦ સ્વદેશી આકાશ અને અન્ય વ્યવસ્થા દ્વારા પાકિસ્તાનનાં લગભગ તમામ ડ્રૉન અને મિસાઈલો તેના ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલાં જ હવામાં તેમને તોડી પાડ્યાં. ભારતની ડ્રૉન-મિસાઈલને આંતરી શકવાની ક્ષમતાએ સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું.

(૨) પાકિસ્તાન દ્વારા તુર્કિયે દ્વારા અપાયેલ ડ્રૉન અને ચીનની મિસાઈલો વાપરવામાં આવ્યાં પણ તેની નાકામયાબી જોતાં ચીન-તુર્કિયેને ચિંતા થઈ કે તેમનાં શસ્ત્રોની અસરકારકતા અંગે સમગ્ર વિશ્વમાં નબળી છાપ પડી. ભારત-પાકિસ્તાનનાં વિમાનોએ પોતપોતાની સરહદમાં રહીને વિમાનમાંથી મિસાઈલો છોડી સામા પક્ષને નુકસાન કર્યું. વર્તમાન સમયમાં ઉપગ્રહો દ્વારા કોઈ પણ વિમાન કે અન્ય ઉપકરણ ઊડે તે સાથે થોડી સેકન્ડોમાં જ તેની માહિતી કંટ્રોલ પૅનલ પર પ્રદર્શિત થાય. અગાઉથી વિકસાવેલા સૉફ્ટવૅરની મદદથી તે વિમાન કે ઉપકરણને આંતરીને તોડી શકે તેવી વ્યવસ્થા ઉભય પક્ષે ઉપલબ્ધ છે. ભારતે રશિયાના સહયોગમાં હવાઈ હુમલા સામે જે જે અસરકારક વ્યવસ્થા ગોઠવી છે તેની સામે પાકિસ્તાનની ચીને આપેલી ઉપગ્રહ આધારિત સંરક્ષણ વ્યવસ્થા ધારણા મુજબ પરિણામ આપી શકી નહીં. ભારતે લાહોર, સરગોધા સહિત અનેક ઍરપૉર્ટની રડાર સહિતની સંરક્ષણ વ્યવસ્થાને નુકસાન પહોંચાડતાં પાકિસ્તાનની પ્રતિકાર શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો.

(૩) ઑપરેશન સિંદૂરના યુદ્ધની ભયાનકતા એટલી હતી કે ડ્રૉન અને મિસાઈલો તેના લક્ષ્ય પર પડે તો તેનાથી ખૂબ મોટું નુકસાન થતું હોય છે. ડ્રૉન અને મિસાઈલોને હવામાં આંતરવાની પ્રક્રિયા ખૂબ જટિલ છે. તેમાં એડવાન્સ ટૅક્નૉલૉજીની આગવી ભૂમિકા રહેલી છે. ભારતની અવકાશક્ષેત્રની સિદ્ધિઓ અને તેના દ્વારા મિસાઈલો વિકસાવવામાં મળેલી નોંધપાત્ર સફળતાના કારણે રિમોટ શસ્ત્રોથી લડાતા યુદ્ધમાં ભારતની ક્ષમતા એટલી વિશેષ છે કે અનેક વિકસિત દેશોએ તે ઑપરેશન સિંદૂરમાં નિહાળી ત્યારે તેમને આપણા દેશની સિદ્ધિઓનો સાચો અંદાજ આવ્યો. ઑપરેશન સિંદૂરે વિશ્વને દર્શાવ્યું કે આક્રમણ કે સંરક્ષણ બંને મુદ્દે ભારત રશિયા અને ઈઝરાયલની જેમ શક્તિશાળી છે.

(૪) ઑપરેશન સિંદૂરના ચોથા દિવસે ૧૦ મે, ૨૦૨૫ના રોજ ભારતે પાકિસ્તાનના ૧૧ ઍરબેઝ પર મિસાઈલો છોડી જે ખાનાખરાબી કરી તેનાથી હતપ્રભ થઈને પાકિસ્તાને અમેરિકાને આજીજી કરીને યુદ્ધબંધી માટે કહેણ મોકલ્યું. યુદ્ધમાં અણુશસ્ત્રોનો વપરાશ ન થાય અને અણુશસ્ત્રોને હાનિ ન થાય તે વાત ધ્યાને લેતાં ભારત-પાકિસ્તાન વચ્ચે તાત્કાલિક યુદ્ધબંધી જાહેર કરવામાં આવી. ભારતમાં અનેક

લોકોને લાગ્યું કે જ્યારે આપણે યુદ્ધમાં સફળ થઈ રહ્યા હતા ત્યારે શા માટે યુદ્ધવિરામ કર્યો ? વર્તમાન સમયમાં યુદ્ધ ખૂબ ભીષણ અને હાનિકારક હોય છે. સામાન્ય માણસ ધારે તેવી જીત શક્ય નથી. પાકિસ્તાનને ચીન, અમેરિકા અને તુર્કિયેનો ખુલ્લો ટેકો છે. યુક્રેન જેવું નાનું રાષ્ટ્ર કે ગાઝાની નાની પટ્ટીમાં યુદ્ધ લડતા શક્તિશાળી દેશો રશિયા કે ઇઝરાયેલ વર્ષો બાદ વિજય હાંસલ કરી શક્યા નથી. યુદ્ધમાં ગમે તેટલી લશ્કરી તાકાત હોય પણ વિજયના માર્ગમાં અનેક અંતરાયો રહેલા છે. સરકારના જવાબદાર પદાધિકારીઓ અને અધિકારીઓ જે સંજોગોમાં જે નિર્ણય કરે તેની આધારહીન ટીકા કરવાનો કોઈ અર્થ નથી.

(૫) ઑપરેશન સિંદૂરના ૪ દિવસના યુદ્ધમાં પાકિસ્તાને હજારો ડ્રૉન અને મિસાઇલો ગુમાવ્યાં છે. ભારતના પક્ષે સંરક્ષણ માટે છોડેલાં મિસાઇલ-ડ્રૉન અને અન્ય ઉપાયો માટે નોંધપાત્ર ખર્ચ થયેલ છે. ભારતે યુદ્ધમાં કેટલાં વિમાનો ગુમાવ્યાં કે ૩૧ શહેરોમાં શું હાનિ થઈ તેનો આધારભૂત અંદાજ ઉપલબ્ધ નથી. આ યુદ્ધમાં ભારત છવાયેલું રહ્યું અને પાકિસ્તાનને તેના ૯ આતંકી અડ્ડાના નાશ ઉપરાંત ૧૧ ઍરબેઝ પર જે નુકસાન થયું છે તેનો આધારભૂત અંદાજ ૩૨૦૦ મિલિયન યુએસ ડૉલર એટલે કે ભારતીય રૂપિયા ૨૭,૨૦૦ કરોડની નુકસાનીનો છે. પાકિસ્તાનના રૂપિયામાં ગણતરી કરીએ તો લગભગ ૯૦ હજાર કરોડ રૂપિયાની હાનિ થઈ છે. દેવાદાર પાકિસ્તાન જ્યારે અનેક ચીજોની અછતથી હેરાન-પરેશાન છે ત્યારે આટલી મોટી હાનિ સહન કરવાથી પાકિસ્તાનનું અર્થતંત્ર વધારે નબળું પડશે તે નિશ્ચિત છે. બંને દેશોએ પોતાની આકાશી સરહદોમાંથી વિમાનોનાં ઉડ્ડયન પર પ્રતિબંધ મૂકતાં બન્ને દેશોને સતત નુકસાન થઈ રહ્યું છે.

(૬) ૨૨ એપ્રિલ, ૨૦૨૫ની પહેલગામની ઘટનાના પગલે ૭મી મે, ૨૦૨૫ની ઍરસ્ટ્રાઇક પહેલાં ભારતે પાકિસ્તાન સાથેની ‘સિંધુ જળ સંધિ’ને મોકૂફ રાખી છે. ભારતે પાકિસ્તાનને તેની પાત્રતાથી વધારાનું પાણી મળે છે તે રોકવાથી પણ પાકિસ્તાન માટે ગંભીર સમસ્યા પેદા થઈ છે. પંજાબ અને સિંધના મોટા ભાગના વિસ્તારો સિંધુ અને ભારતમાં આવતી અન્ય નદીઓ પર નિર્ભર છે. પાકિસ્તાન સિંધુ જળસંધિને મોકૂફ રાખવાના નિર્ણયને ભારતીય આક્રમણ ગણી ભાતભાતની ધમકીઓ આપે છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એ વાત સ્પષ્ટ કરી છે : ‘આતંકીઓ દ્વારા વહેવડાવાતું લોહી અને સિંધુનું જળ સાથે વહી શકશે નહીં. જ્યાં સુધી પાકિસ્તાન તેનાં આતંકી સંગઠનોને વિખેરી આતંકને પ્રોત્સાહન બંધ નહીં કરે ત્યાં સુધી ભારત સિંધુ જળને રોકશે.’

(૭) ‘ઑપરેશન સિંદૂર’નું મહત્ત્વનું પાસું એ છે કે ૧૧ ઍરબેઝ પર ભારતે બ્રહ્મોસ જેવી ઝડપી અને આંતરી શકાય નહીં તેવી ખૂબ વિનાશક શક્તિ ધરાવતી મિસાઇલો છોડતાં પાકિસ્તાન માટે યુદ્ધવિરામ વિના શું હાલત થશે તેનો ખ્યાલ આવતાં જ તેણે અમેરિકાને શરણે જઈને યુદ્ધબંધી માટે ભારત પર જબરજસ્ત દબાણ લાવવા કોશિશ કરી હતી. ભારતે સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાનના આતંકના મુદ્દે તે કોઈ પણ ત્રીજા પક્ષની

મધ્યસ્થી કે હસ્તક્ષેપ સ્વીકારશે નહિ. પાકિસ્તાનની પરમાણુ યુદ્ધની ધમકીની ગણના કર્યા વિના ભારત આતંકના મૂળ પર પ્રહાર કરશે. વડાપ્રધાન મોદીએ બુદ્ધ પૂર્ણિમાના પાવન પ્રસંગે રાષ્ટ્રને સંબોધિત કરતાં સ્પષ્ટ કર્યું કે ભારત હવે આતંકી બનાવને સહન નહીં જ કરે પણ તેનો જડબાતોડ જવાબ આપશે.

(૮) ઑપરેશન સિંદૂર દરમિયાન સરગોધા ઍરબેઝ પરના મિસાઈલ હુમલામાં નજીકની અણુસામગ્રીને અસર થઈ છે તેવા અહેવાલો આવ્યા હતા. પાકિસ્તાને આ વાતનો ઇનકાર કર્યો હતો પણ અણુસામગ્રી માટે અમેરિકાએ જે રીતે કાર્યવાહી કરી તેનાથી એ વાતને પુષ્ટિ મળી કે પાકિસ્તાનનો સમગ્ર અણુકાર્યક્રમ વાસ્તવમાં તો અમેરિકાનો જ પ્રોજેક્ટ છે. ભારત અને મધ્ય એશિયાને ધાકમાં રાખવા પાકિસ્તાનને નામે જે અણુશસ્ત્રો છે તેની ખરી માલિકી અમેરિકાની છે. આ અણુસામગ્રી સાચવવા અમેરિકા પાકિસ્તાનને વાર્ષિક ૪ બિલિયન યુ. એસ. ડૉલર જેવી જંગી રકમ આપે છે.

'ઑપરેશન સિંદૂર'ને ભારતના લોકોએ મુક્તમને વધાવ્યું છે. આતંકને ડામવાના સરકારી પ્રયાસોને લોકોએ આવકાર્યા છે. સાથે સાથે ભારતીય સેનાએ જે ટૅક્નિકલ પ્રગતિ, સંકલન, લક્ષ્યને સટીક વીંધવામાં જે સંરક્ષણવ્યવસ્થા વિકસાવી છે તેનાથી દેશવાસીઓએ આનંદ અને ગૌરવ અનુભવ્યાં છે. યુદ્ધમાં થતો વિનાશ જોતાં યુદ્ધ ન થાય તેમાં કલ્યાણ છે પણ રાષ્ટ્રને આતંકના ત્રાસથી મુક્ત કરાવવા માટે યુદ્ધ અનિવાર્ય હોય તો તે લડવા માટે આપણે સજ્જતા કેળવી શસ્ત્રો વિકસાવી અને સંકલનથી રાષ્ટ્ર સ્વમાનની રક્ષા કરવી અનિવાર્ય છે. ઑપરેશન સિંદૂર પૂર્ણ થયું નથી. ભારતને આતંકના કહેરથી મુક્ત કરાવવા માટે તે સતત અમલમાં રહેશે. ભારતના અર્થતંત્રે વિશ્વમાં ચોથું સ્થાન હાંસલ કર્યું છે ત્યારે લશ્કરી તાકાતમાં પણ તેની ગણના પહેલા પાંચમાં થવા લાગી છે તે સિદ્ધિ નાનીસૂની નથી. વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને જવાનો દ્વારા આપણને ગૌરવ મળ્યું છે ત્યારે આપણે 'જય જવાન, જન વિજ્ઞાન'ના નારા સાથે ભારતીય સેનાને સલામ કરીએ.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

જૂન મહિનામાં ૧ જૂને 'રાજાનો રક્ષક', ૧૫ જૂને 'સૌથી લાંબું નાક' અને ૨૯ જૂને 'માલિકનું કૂતરું' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૮ જૂને 'બીરબલની ચતુરાઈ' અને ૨૨ જૂને 'રાજાની કસોટી' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# વૃક્ષોનાં મૂળિયાંની વાત



ચિંતન ભટ્ટ

જૂન મહિનાની પાંચમી તારીખે વિશ્વ પર્યાવરણ દિવસ હોય છે. પર્યાવરણ એટલે પરિપૂર્ણ આવરણ. અહીં જે આવરણની વાત છે તે કુદરતી આવરણ છે. આબોહવા, વનસ્પતિ, પાણી જેવાં પર્યાવરણનાં અનેક અંગોમાં તેને અનુકૂળ જીવસૃષ્ટિ પાંગરે છે. પર્યાવરણમાં પરિવર્તન એટલે જીવસૃષ્ટિમાં પરિવર્તન. પર્યાવરણ સતત પરિવર્તનશીલ છે. આપણે જાણીએ છીએ કે સમગ્ર જીવસૃષ્ટિ વનસ્પતિ પર અવલંબે છે. માંસાહારી જીવો તૃણભક્ષી જીવો પર નભે છે અને એ રીતે તેઓ પરોક્ષ રીતે વનસ્પતિ પર જ આધાર રાખે છે. પર્યાવરણ દિવસે વનસ્પતિ, વૃક્ષો, હરિયાળી વગેરે વિશેષ યાદ આવે તે સ્વાભાવિક છે. વૃક્ષનો છાંયડો, ફળ, ફૂલ, પાંદડાં, વિશાળ થડ વગેરે આપણી સમક્ષ તરવરવા લાગે છે, પણ વૃક્ષને અડીખમ ઊભું રાખતાં મૂળિયાં ભાગ્યે જ યાદ આવે છે. ચાલો, આજે મૂળિયાંને યાદ કરીએ.

આજની વાત સામાન્ય રીતે નજરે પડતાં વૃક્ષો વિશે છે. જમીનમાં રહેલાં વૃક્ષોનાં મૂળિયાં તેને ટટ્ટાર ઊભું તો રાખે જ છે સાથે સાથે તે જમીનમાંથી પાણી તેમજ પોષક દ્રવ્યો શોષે છે, તરુવરના ખોરાક તેમજ પોષક દ્રવ્યોનો સંગ્રહ કરે છે અને વનસ્પતિનો ફેલાવો વધારવામાં પણ મૂળિયાં મદદરૂપ થાય છે. અરે! તે જમીનમાંથી પ્રાણવાયુ પણ શોષે છે. યાદ કરો બાગના છોડની જાળવણી માટે સમયાંતરે તેની આજુબાજુની માટીને ઉપરનીચે કરવામાં આવે છે - ‘ગોડ’ કરવામાં આવે છે. આપણે પ્રકાશસંશ્લેષણની ક્રિયાથી પરિચિત છીએ. કંઈક આવી જ સંશ્લેષણની ક્રિયા મૂળિયાં પણ કરે છે. મૂળિયાંને મળતાં પોષક દ્રવ્યોની સાંદ્રતા મુજબ તે એક ખાસ પ્રકારનું રસાયણ (Cytokinin - સાયટોકિનિન) ઉત્પન્ન કરે છે જે મૂળિયાં કેટલાં અને કેટલી ઝડપથી ઊગવાં જોઈએ તેના સંકેતો આપે છે. થઈને પ્રાણીઓના ચેતાતંત્ર જેવી વાત ! કેટલાંક ફૂગ અને બૅક્ટેરિયા પણ મૂળિયાંના ગાઢ સંસર્ગમાં હોય છે. છોડના કદ પ્રમાણે તેનાં મૂળિયાંનો વિસ્તાર અને ઊંડાણ હોય છે. વનસ્પતિશાસ્ત્રીઓએ મૂળિયાંનું વિવિધ રૂપે વર્ગીકરણ કર્યું છે.

બીજમાંથી સૌપ્રથમ જે અંકુર ફૂટે તે છે પ્રાથમિક મૂળ - જે જમીનમાં નીચે તરફ વિકસે છે - આગળ વધે છે. પ્રાથમિક મૂળની બાજુમાં ફૂટેલા ફણગા વિકસીને ગૌણ અથવા તો સહાયક (Secondary) મૂળનું સ્વરૂપ લે છે. છોડને સ્થિરતા બક્ષવામાં અને ધરતીમાંથી પોષક તત્ત્વો શોષવામાં તે મદદ કરે છે. ગૌણ મૂળ વધુ નાની નાની શાખાઓમાં વિકસે છે જેને તૃતીય મૂળ તરીકે ઓળખવામાં આવે છે. મૂળ તંત્રની સપાટીનો વિસ્તાર તેમજ કાર્યક્ષમતામાં તૃતીય મૂળ વધારો કરે છે. વૃક્ષોનાં ખરી ગયેલાં ફળ, ફૂલ અને પાંદડાં તેમજ પ્રાણીઓનાં મળ-મૂત્રના કોહવાટથી તેમાં રહેલાં પોષક તત્ત્વો છૂટાં પડે છે અને ધરતીના ઉપલા સ્તરને સતત સમૃદ્ધ - પોષક બનાવતાં રહે



**જીવંત મૂળિયાંનો સેતુ – મેઘાલય**

છે. ગૌણ મૂળ આ પોષક તત્ત્વો શોષે છે. અહીં એક વાત નોંધવાની ઇચ્છા રોકી શકાતી નથી. વૃક્ષના થડની આસપાસનો વિસ્તાર વૃક્ષનું ભોજન કક્ષ છે. વૃક્ષની ચોમેર ડામર, કૉંક્રીટ, ટાઇલ્સ કે પથ્થર લગાડીને જમીન સંપૂર્ણ ઢાંકી દઈએ તો તેની નીચેની માટી પોષક તત્ત્વોથી સમૃદ્ધ કેવી રીતે થાય ? વૃક્ષનાં મૂળિયાં પોષણ તો મેળવી જ ન શકે. વૃક્ષની આજુબાજુની જમીનની સપાટી પાકી કરી નાખવી તે વૃક્ષને ધીમું ઝેર આપવા બરાબર છે. વનસ્પતિ નિષ્ણાતો અને લોકોની કોઠાસૂઝ મુજબ પુખ્ત વૃક્ષનો જેટલો ઘેરાવો અપેક્ષિત હોય તેટલી ઓછામાં ઓછી જમીન એ વિસ્તારમાં ખુલ્લી રાખવી જોઈએ અને તે સમૃદ્ધ બનતી જાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

આપણે શાસ્ત્રોક્ત વાતોમાં વધુ નથી પડતા પણ એક વાત જાણી લઈએ કે મૂળ જમીનની સપાટી નીચે જ હોય તેવું જરૂરી નથી. આઈવી ઑર્કિડ (Ivy Orchid) જેવી કેટલીક વેલ પ્રકારની વનસ્પતિઓનાં મૂળિયાં સંપૂર્ણપણે જમીન ઉપર હોઈ શકે છે. આ હવાઈ મૂળ હવાના ભેજમાંથી સીધું જ પાણી અને પોષણ મેળવી લે છે. તેઓ બીજા મોટા ઝાડને વળગીને પણ પોષણ મેળવે છે. આ પ્રકારની વનસ્પતિને આપણે 'પરોપજીવી' વનસ્પતિ તરીકે ઓળખીએ છીએ. ખારા પાણીનાં વૃક્ષોનાં - ચેરિયાનાં (Mangroves) મૂળ પાણી નથી શોષતાં, પણ મૂળિયાંની હવાની જરૂરિયાત સંતોષે છે. મકાઈની ડાળમાંથી ફૂટી નીકળતાં મૂળ કે અંજીર જેવાં વૃક્ષોના થડને વળગીને પાંગરતાં તેનાં જ મૂળ કે ઉષ્ણકટિબંધનાં પવિત્ર વૃક્ષ 'વડ'ની ડાળીઓમાંથી ફૂટતી વડવાઈ પણ હવાઈ મૂળ જ છે. જોકે આ વખતે તેનું મુખ્ય કાર્ય થડને ટેકો આપવાનું અથવા વસ્તાર વધારવાનું હોય છે. મૂળનું મુખ્ય કાર્ય તો વનસ્પતિને પોષણ આપવાનું

છે માટે તે યેનકેન પ્રકારેણ જમીનમાંથી ભેજ અને પોષણ શોષી લે છે અને એ માટે પોતાની સીમા વિસ્તારે છે. આ પરથી સમજી શકાય કે મૂળિયાંની ઊંડાઈ અને તેના વિસ્તારનો આધાર જમીનના ગુણધર્મો અને સમય સમય પર પાણીની ઉપલબ્ધતા પર આધાર રાખે છે. આ કારણે જ સૌથી ઊંડાં મૂળ સામાન્ય રીતે રણપ્રદેશમાં અને સમશીતોષ્ણ શંકુદ્રુમ જંગલોમાં જોવા મળે છે. જ્યારે ટુંડ્ર પ્રદેશ, ઉત્તરનાં જંગલો તેમજ સમશીતોષ્ણ મેદાનોની વનસ્પતિનાં મૂળિયાં બહુ ઊંડાં ઊતરતાં નથી. સામાન્ય રીતે ઝાડનાં મૂળિયાં જમીનની સપાટીથી મહત્તમ એક મીટર ઊંડે સુધી વિસ્તરેલાં હોય છે જ્યાંથી તેને પોષક તત્ત્વો અને હવા સહેલાઈથી મળી જાય છે. જોકે અમેરિકાના એરિઝોના વિસ્તારમાં ખનન વખતે સાઠ મીટર ઊંડે સુધી જીવંત મૂળ મળ્યાં હતાં. કેટલાંક મૂળ તો ઝાડની ઊંચાઈ જેટલાં ઊંડાં ઊતરે છે. દક્ષિણ આફ્રિકાના કલહારી રણમાં ઊગતાં કલ્પવૃક્ષ સમા શેફર્ડ ટ્રી નામના ઝાડનાં મૂળિયાં જમીનથી અડસઠ મીટર નીચે સુધી મળ્યાં છે. આ રીતે તે દુનિયાનાં સૌથી ઊંડાં મૂળિયાંવાળા વૃક્ષનું બહુમાન મેળવી જાય છે. નીલગિરિ - યુકેલિપ્ટસ વૃક્ષનાં મૂળિયાં પણ સાઠ મીટરથી વધુ ઊંડે સુધી પહોંચે છે.

'વનસ્પતિને મૂળિયાં હોય જ' એવું જરૂરી નથી. આપણે જાણીએ છીએ કે ભેજવાળી જગ્યામાં કે પાણી ઉપર વિકસતી શેવાળ પણ વનસ્પતિનો એક પ્રકાર છે. આપણને મૂળિયાં જે રીતે અભિપ્રેત છે તેવાં મૂળિયાં શેવાળને હોતાં નથી. અલબત્ત, ધરતી પર કે પથ્થર પર દેખાતી શેવાળમાં કેટલાક તંતુઓ (Holdfasts) વિકસ્યા હોય છે જે તેને સપાટી પર જકડી રાખે છે. આ તંતુઓ મૂળની જેમ પોષક તત્ત્વો શોષતાં નથી. શેવાળ પ્રાથમિક રીતે એક જીવ છે અને તે આજુબાજુમાં રહેલા પાણીમાંથી પોષક તત્ત્વો મેળવે છે. શેવાળ જીવસૃષ્ટિ વનસ્પતિની વ્યાખ્યામાં આવે ? - આ પણ એક પ્રશ્ન રહે છે. ખેર ! આપણે આજના વિષય પર આગળ વધીએ.

અનેક પ્રકારના મૂળનો સમાવેશ આપણે ખોરાકમાં કરીએ છીએ જેમ કે ગાજર, મૂળા, બીટ, શક્કરિયાં, રતાળુ, શલગમ વગેરે. અહીં એક વાત યાદ કરી લઈએ કે બટાટા ભલે જમીન નીચે થતા હોય, તે મૂળ નથી પણ દાંડી શ્રેણીમાં આવે છે. કેટલાંક મૂળિયાં ઔષધીય ગુણધર્મો ધરાવતાં હોય છે. મૂળના ઔષધીય ગુણધર્મોનું એક જ ઉદાહરણ જોઈએ તો રતાળુ (મૂળ) ગર્ભનિરોધક ગોળી બનાવવામાં ઉપયોગી છે. પર્યાવરણનું જતન કરતાં મૂળિયાં તેના મૂળ કાર્ય ઉપરાંત અનેક રીતે જીવસૃષ્ટિની સેવા કરે છે. મેઘાલયની ભીની આબોહવામાં પુષ્કળ રબર વૃક્ષ થાય છે. આ વૃક્ષનાં મૂળિયાં પાણીના વહેણમાં કે ચટ્ટાન પર પણ પાંગરે છે. મેઘાલયના લોકોએ મૂળિયાંને નિર્ધારિત દિશામાં વાળીને પાણીના વહેણ ઉપર સેતુઓ બનાવ્યા છે. આવા કેટલાક સેતુઓ પર તો એકસાથે પચાસ માણસો અવરજવર કરી શકે છે. તેમના કેટલાક પુલો તો ૩૦ મીટર જેટલા લાંબા છે અને લગભગ પાંચસો વર્ષ જૂના પણ. મેઘાલયના પર્યટકો માટે આ અનેરું આકર્ષણ બની ગયું છે.

# માનવીનો ચહેરો – વૈશ્વિક સ્તરે



પ્રીતિ સેનગુપ્તા

દુનિયામાં કોઈ એવી જગ્યા નથી કે જ્યાં જવું બહુ ગમતું હોય, ને તોયે ત્યાં જતાં કૈંક ડર લાગતો હોય, સિવાય કે વિશ્વકોશ. એટલે કે, અહીં આવતાં અલબત્ત ડર નથી લાગતો, પણ સંકોચ જરૂર થાય. અહીં જ્ઞાનીઓ અને અભ્યાસીઓ આવતા હોય છે, વક્તવ્યો આપે છે. મારું તો 'ચલતા ભલા' જેવું કહેવાય તેથી સંકોચસહ, નમ્રભાવે આ આમંત્રણ માટે 'વિશ્વકોશ'નો આભાર માનવા ઇચ્છું છું અને મારી ક્ષતિઓ ક્ષમ્ય ગણવા વિનંતી કરું છું.

કેટલાક સમય પહેલાં, 'મેં જોયેલા દેશોમાં સ્ત્રીઓની સ્થિતિ' એ વિષય પર લેખ લખવાનું આવેલું. શરૂઆતમાં મેં લખ્યું કે સ્ત્રીઓની સ્થિતિ બધે સરખી હોય છે. એ પછી, અલબત્ત વિષયને અનુરૂપ વિગતો જરૂર લખેલી.

આટલો ઉલ્લેખ એટલે કર્યો કે, આજનો જે વિષય છે – 'વિશ્વપ્રવાસમાંથી મને મળ્યો માનવીનો ચહેરો' એને માટે પણ એક સર્વસામાન્ય વિધાન કરી શકાય, કે માનવચહેરો બધે સરખો હોય છે.

એ સ્પષ્ટ છે કે અહીં માણસજાતનો બાહ્ય દેખાવ અભિપ્રેત નથી. દેશ દેશ, જાતિ જાતિના લોકો દેખાવે જુદા હોય છે જ, પણ મોઢાના આકાર અને ત્વચાના રંગની નીચે જે જીવ હોય છે તેમાં કોઈ જ તફાવત હોતો નથી.

વિલિયમ શેક્સપિયરના 'મર્ચન્ટ ઑફ વૅનિસ' નાટકના પાત્ર ઈઆગોની જાણીતી ઉક્તિ છે : તમે મને ચૂંટલી ખણશો તો શું મને નહીં દુઃખે ? તમે મારા પર ઘા કરશો તો શું મને લોહી નહીં નીકળે ? વગેરે. એટલે કે, દુનિયાની દરેક વ્યક્તિના જીવનમાં આનંદ, પીડા, સગવડ, સંઘર્ષ વગેરે સર્વ સંવેદનો અને સંજોગો એકસરખાં જ હોય છે. સર્વત્ર રીતરિવાજો, ઉત્સવો, પ્રસંગો પણ ઊજવાતા જ હોય છે ને તે પોતપોતાની રીતે, તેથી અમુક 'શું સરસ' ને અમુક 'સાવ નક્કામું' જેવું કાંઈ હોતું નથી.

જે જુદું લાગે, જે ના સમજાય તે ના ગમે, તેવું બહુધા બનતું હોય છે. ટૂંકા પ્રવાસ દરમિયાન કોઈ પણ સમાજની ત્રુટિઓ નજરે ચઢે, વિશિષ્ટતાઓ ના પણ દેખાય. વર્ષોથી થતા રહેલા પ્રવાસો દ્વારા મને સમજાતું ગયું છે કે દરેક જાતિ કે દરેક વ્યક્તિ પણ, જે હોય છે તે એ જ્યાં હોય છે, તેને લીધે હોય છે. એટલે કે ભૌગોલિક પરિબળો, જેવાં કે ઋતુ, હવામાન, તાપમાન વગેરેની અસર સ્થાનના બંધારણ પર પડે છે અને તેથી કરીને સ્થાનમાંના જીવનનાં સર્વ પાસાં ઘડાતાં જાય છે.

ભૌગોલિક સંસ્થિતિના સત્યાર્થથી હું એવી સભાન બની છું કે પ્રત્યેક સ્થાનને ત્યાંના જીવનને સમયની એક એક ક્ષણને નીરખું છું, પારખું છું એ વિશે હરખું છું, પણ સરખું-ન સરખુંની વચમાં અટવાતી નથી. વિશ્વભરમાં માનવીનો જે ચહેરો છે – એટલે કે માણસજાતનું જે નિજીપણું છે, તે એક કેલિડોસ્કોપ કે રંગીન કાચના ટુકડા ભરેલા દૂરબીન જેવું છે. એને જરાક ફેરવો, ને દર વખતે એમાં જુદી આકૃતિ બનતી દેખાય

છે. જે મૅટર (matter) છે એટલે કે જે પદાર્થ છે તે તો એનો એ જ છે, એનું સંયોજન વિભિન્ન હોય છે.

આવો સભાન ખ્યાલ જો સર્વજનમાં પ્રવર્તતો હોય, તો કેવું સારું. રંગરંગીન, કળાત્મક, સુંદર જીવનાકૃતિઓ જોઈને પરસ્પરને માટે, પરસ્પર પ્રત્યે સ્નેહ અને આનંદ અનુભવી શકાય. પણ આ તો Age of Suspicion છે. આ શંકાનો, સંદેહનો યુગ છે. મેં નજરે જોયું અને જાતે અનુભવ્યું કે ૨૦૦૧ના સપ્ટેમ્બરની ૧૧મીની સવારે અમેરિકામાં હિંસક, આત્મઘાતી ધ્વંસ થયા પછીના એક કલાકમાં આખેઆખો યુગ પલટાઈ ગયો.

તત્કાળ એકમેકની બાબતે ગભરાટ, એકમેક પ્રત્યે તિરસ્કાર અને એકમેક માટે ઘૃણાનો ભાવ જાણે હવા દ્વારા પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં ઝેરની જેમ ભળી ગયો. ત્યારથી માંડીને પરસ્પર સમજણ અને સહિષ્ણુતાનો અભાવ જાણે વધતો ગયો છે. અનેક દેશોમાં ત્યાંની પોતાની કોમ કોમમાં, જાતિ જાતિમાં સાધારણ અણગમો નહીં, બલ્કે ઊંડો રોષ અને હિંસક વર્તન સર્વોપરી બનતાં ગયાં છે. કોઈ કોઈને ગમતું નથી, બધાં જાણે એકબીજાને ઊતરતી નજરે જોતાં હોય છે.

૨૦૦૨ના ગુજરાતની એક ગઝલ મેં લખેલી એની બે પંક્તિઓ યાદ આવે છે કે 'બધા ચહેરા જાણીતા છે, કોણ આખું શહેર લૂંટે છે ?' આ સંદર્ભને ઘણો વ્યાપક કરીને આમ કહી શકાય કે, 'બધા ચહેરા માનવના છે, વિશ્વે શાને આગ બળે છે ? વિશ્વે શાને ખૂન વહે છે ?'

આખા વિશ્વમાં અત્યારે એવી માનસિકતા થઈ ગઈ છે કે જેથી માનવીમાત્રને અન્ય માનવી પારકા - The Other - લાગે છે. ક્યારે કોણ કોને ગમે કે ના ગમે, તેની કશી ખબર ના પડે. એક ધર્મના બે પંથોને લીધે ક્યાંક મારાત્મક વિભાજન થઈ જાય, જેમ કે ખ્રિસ્તી ધર્મના કૅથલિક અને પ્રૉટેસ્ટન્ટ પંથો દ્વારા આયર્લૅન્ડ અને ઉત્તર આયર્લૅન્ડ વચ્ચે એક દેશની બે જાતિઓ અન્યોન્યને અસહ્ય થઈ પડે, જેમ કે આફ્રિકાના અમુક દેશોમાં.

કોઈ એક જણ સ્થાનોને, જનોને ચાહવા માગતું હોય, પોતાનું સમજવા માગતું હોય, તો તે પૂરતું તો નથી જ, બલ્કે વધારે શંકાસ્પદ બને છે. આ યુગ પ્રેમનો ઘણો ઓછો છે, વેરનો ઘણો વધારે છે. આ યુગ પરમાર્થનો નથી, સ્વાર્થનો છે. પ્રવાસી તરીકેની મારી ત્રિવિધ - ઇન્ડિયન, સ્ત્રી, એકાકી - હયાતીને લીધે મને આવા ઘણા અનુભવો થયા છે, વારંવાર થયા છે. મોટે ભાગે દેશો વચ્ચેની સરહદો પર, કસ્ટમ્સ અને ઇમિગ્રેશનમાંથી પસાર થતાં. અત્યાર સુધી સત્તાધારીઓનું અપમાનજનક વલણ અને વર્તન ઇન્ડિયન હોવાને કારણે રહેતું. હવેના આ આતંકયુગમાં અજાણી, એકલી સ્ત્રી-પ્રવાસી સંદેહપ્રદ અને ભયજનક ગણાય છે.

આમ છતાં હું વિશ્વને ચાહતાં અટકી નથી શકતી. પ્રવાસ કરવાનું ત્યજી નથી શકતી. કેટલાંયે અપમાનો હું ગળતી રહી છું, ભૂલતી રહી છું. સાતત્ય છે તો વિશ્વને પામવાના આનંદનું છે. મને આખી પૃથ્વીનું બધું પસંદ છે. એનાં ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, સંગીત, સમાચાર - બધું મને 'લાગે-વળગે' છે.

માનવજીવનનાં કેટલાં બધાં પાસાં અને પરિણામો છે. એ બધાંને સમજવાનો, પોતાનાં ગણવાનો મારો પ્રયત્ન રહ્યો છે. મોટે ભાગે હું સ્થાનિક ધર્મશાળા જેવી જગ્યા શોધી લઉં છું, ક્યારેક જો સ્થાનિક ઘરમાં રૂમ ભાડે લઈ શકાય તો તે તક લઈ લઉં છું. મારા મનનો આગ્રહ હોય છે કે બધે મને ગમવું જ જોઈએ, કારણ કે દરેક જગ્યા કોઈને ને કોઈને માટે ઘર હોય છે. આવી મનોવૃત્તિને લીધે હું જ્યાં જાઉં ત્યાં મને ઘર જેવું લાગે છે. ઘણા દેશોમાં મારે મિત્રો છે. અમુક દેશોમાં તો મારે 'કુટુંબો' છે.

દુનિયામાં જાહેર રીતે શંકાનો યુગ ભલે છે, મારે માટે તો સ્નેહનો યુગ જ ચાલે છે. મનન-ચિંતન કરી કરીને હું સમજી છું કે સત્તાધારીઓ જ્યારે અપમાન કરે છે, ને નાગરિકો ક્યારેક જ્યારે અણગમો દર્શાવે છે, તે એમની સામેનાંની હયાતી વિશેની સમજણના અભાવને લીધે છે. આથી જ હું માનું છું કે માનવી માનવી પ્રત્યે, વિશ્વમાંના જીવનની અનેકવિધતા પ્રત્યે જીવની ઉદારતા બહુ જરૂરી છે.

ક્યાંયના પણ રીતરિવાજ વિચિત્ર શા માટે લાગે ? વિસ્મયકર કેમ નહીં ? ક્યાંયનાં પણ કળા ને સંગીત સામાન્ય શા માટે લાગે ? સંમોહક કેમ નહીં ? અન્ય દેશના સાહિત્યમાંનાં કથાનકને નિરાશાજનક અને મુખ્ય પાત્રને ઘૃણાસ્પદ કહો ત્યારે કે તે પહેલાં ત્યાંનાં વાતાવરણ, જીવનસરણી, પરિસ્થિતિઓ વગેરે અંગેની જુદી સંભાવનાઓ વિશે વિચાર કરવાની તૈયારી કેમ ના હોય ?

કહેવાય છે કે Life is stranger than fiction. આપણે લખીએ કે વાંચીએ તે પુસ્તકો કરતાં ઘણી વધારે ગૂઢ ને ગેબી જિંદગી પોતે હોય છે. મૂલ્યો લગભગ બધાં અને લગભગ બધે સરખાં હોય છે, મૂલ્યપાલન અને મૂલ્યઉપેક્ષાની રીત સ્થાન સ્થાનમાં જુદી હોય છે, તેમ માનવું પડે અને સમજવું પણ પડે જ.

પ્રવાસ કે દુનિયાનું ભ્રમણ ફક્ત ચક્ષુગત અથવા ભૌતિક પ્રવૃત્તિ નથી જ. એ મનથી તેમજ મનોમન પણ કરવાની હોય છે. એ ઉપરછલ્લી જ નહીં, પણ અર્થપૂર્ણ બનવી જોઈએ. સાચો પ્રવાસ ચિંતનનું ગતિશીલ સ્વરૂપ બની શકે છે.

દરેક ચહેરા પર એક એક કે વધારે મહોરું હોઈ શકે છે. આજના અતિઆધુનિક કાળમાં તો ખાસ પણ 'માનવીના ચહેરા'નો ઉલ્લેખ હું જીવનના બહુપરિમાણી સ્વરૂપના સંદર્ભમાં જોવા પ્રેરાઉં છું.

એક નાના બનાવની વાત કરું. બે પરદેશી મિત્રો, એક ઇઝરાયલી એક ઇરાકી સાથે બજારમાં ફરતી હતી. સીતાફળની લારી જોઈ. 'કસ્ટર્ડ ઍપલ' કહેવાતું આ ફળ ખાવાનું મન થયું. ફેરિયાએ એક ફળની કિંમત દસ રૂપિયા કહી. અમે પચાસ રૂપિયા આપ્યા, પાંચ ફળ પસંદ કરીને પ્લાસ્ટિક બૅગમાં મૂક્યાં. બૅગ અમને આપતાં પહેલાં એણે 'આ એક વધારે' કહીને છઠ્ઠું ફળ મૂક્યું.

બંને પરદેશી મિત્રો ખુશ થયાં, નવાઈ પામ્યાં. કહ્યું, This is the essential India. બીજાં વિશેષણોની કે વધારે સમજૂતીની જરૂર નહોતી.

ઈજિપ્તના લક્ઝર ગામે આખા દિવસની ટૅક્સી કરેલી. સાંજે ચાલક કહે, 'મારે ઘેર જમવા આવશો ?' હું તો તરત તૈયાર. ગારમાટીના એના રહેવાસની બહાર એણે ખાટલો મૂક્યો. એની પત્નીએ જાડા રોટલા જેવી બ્રેડ અને ભાજીનું શાક બનાવ્યાં. એણે મહેમાનીનો, મેં મિજબાનીનો આનંદ અનુભવ્યો.

દક્ષિણ આફ્રિકાના પિટરમૅરિત્સબર્ગમાં એક સ્થાનિક યુવાન મને ટ્રેન-સ્ટેશને લઈ ગયો. પ્લૅટફૉર્મ, નાનો વેઇટિંગરૂમ જોયા પછી અમે આગલાં પગથિયાં પર બેઠાં. એ કહે, 'ટ્રેનમાંથી ધક્કો મારીને કાઢી મુકાયા પછી એ અહીં બેઠા હતા. 'એ' એટલે મો. ક. ગાંધી.

બ્રાઝિલના ઉત્તર ભાગમાં 'રિઓ નૅગ્રો' - કાળી નદી કહેવાતી, મહનદ ઍમૅઝોનના બહુલ-જળસભર પ્રવાહમાં એક હોડીમાં હું એકલી જ મુસાફર હતી. હોડીનો નાવિક જેટલું અંગ્રેજી જાણે તેટલું હું પોર્ટુગીઝ જાણું. પણ એણે મને જોવા જેવું બતાવ્યું - ખાસ જાતનાં કમળનાં બે મીટર મોટાં પાન, ક્યાંક બાંધી રાખેલું મગરનું બચ્ચું અને વળી મનાઉઅસ શહેરમાં ક્યાં, કયા રસ્તા પર શાકાહારી રેસ્ટોરાં છે તે પણ સમજાવ્યું.

ગરીબ-તવંગર, જાણ્યા-અજાણ્યા, ભાષા-બિનભાષા વગેરેની ઉપરવટ જઈને આવું બધું સમજવાની તૈયારી એટલે 'માનવીના ચહેરા'ની ઓળખ. કશું પણ, ક્યાંય પણ ચિત્રવિચિત્ર, કુરૂપ-કુત્સિત લાગે જ શા માટે ? તે તે જગ્યા માટે એ પ્રમાણભૂત છે. બાકી તો, આખી દુનિયા એક જ જણે બનાવી છે. એમાં જેટલું વૈશ્વિક છે, તેટલું વ્યક્તિગત છે.

આ ગ્લોબલ શબ્દ બહુ વધારે પ્રમાણમાં વપરાઈ રહ્યો છે. એ ગૅસ ભરેલા મોટામસ ફુગ્ગા જેવો છે. બહુ ઊંચે જઈ ના શકે અને ગૅસ ધીરે ધીરે ખાલી થતો રહે. વૈશ્વિક શબ્દ જાણે ઘણો વધારે સૂચિત લાગે છે. કદાચ એ ઓછો વપરાય છે તેથી હશે.

વિશ્વના સંદર્ભ મને ઠેર ઠેર મળે છે. પોર્ટુગલના બેલેમના કિનારેથી નીકળીને વાસ્કો-દ-ગામાનાં વહાણ ગોવામાં પણજીની બહારના કિનારે પહોંચેલાં. ક્રિસ્ટોફર કોલમ્બસનાં ત્રણ વહાણોમાંથી બેની આબેહૂબ પ્રતિકૃતિ બનાવાઈ છે. એ 'નિન્યા' અને 'પિન્તા' વહાણો કૅનોશા નામના નાનકડા ગામે, લેક મિશિગન કહેવાતા મહાસરોવરના કિનારે નાંગરેલાં. એ મને જોવા મળ્યાં, એમાં ચઢવા મળ્યું, આદ્ય-પ્રવાસી સાથે જાણે પાંચસો ને વીસ વર્ષે મારું સંધાન થયું.

એક વાર નાઇલ નદી પર તો ખરેખર મને અડધું વિશ્વ આવી મળ્યું. એમાં ઇજિપ્શિયન સ્ટાફ હતો, પોલૅન્ડના પ્રવાસીઓ હતા, ઇંગ્લૅન્ડમાં રહેતો એક બ્રાઝિલિયન હતો, હું હતી. એ બ્રાઝિલિયને વાતવાતમાં અંગ્રેજ નાટ્યવિદ પીટર બ્રૂકના 'મહાભારત' જોયાનો ઉલ્લેખ કર્યો, ને કહ્યું કે એમાં એક જાપાની યુવકે રવીન્દ્રનાથનું એક ગીત ગાયું હતું. મને આ ખબર હતી, કારણ કે આ અદ્‌ભુત, આંતરરાષ્ટ્રીય 'મહાભારત'નો આઠ-નવ કલાક લાંબો પ્રયોગ મેં ન્યૂયૉર્કમાં જોયો હતો. રવીન્દ્રનાથનું લખેલું. હજારોમાંનું એ ગીત હું જાણતી હતી. રેશમ જેવી નાઇલ પર સરતાં સરતાં, લકઝરથી આસ્વાન જતાં, ઇજિપ્તના આકાશ નીચે એ ગીત મેં ગાયું. આવા ચમત્કાર બનતા રહે છે વૈશ્વિક સ્તરે.

મારા ચિત્તની અંદરની એક અંગત વાત છે - એકલાં પ્રવાસ કરવાના ફાયદામાં સૌથી મોટો એ છે કે અન્યમાં, અન્યત્રમાં રમમાણ થઈ શકાય છે, જાતની સભાનતા વીસરી શકાય છે. જાતની બહાર નીકળવું, જાતનો ભાર ખંખેરવો આ રીતે શક્ય બને છે. 'સાક્ષીભાવે' જીવી શકું છું. બધો ભાર ખંખેરીને, વિશ્વના સંદર્ભો વડે મને પોતાને પામતી રહું છું. 'માનવચહેરા'થી પરિચિત થતી રહું છું.

# કશાલા પન્હાલા ફૉર્ટ ?

સુધા ભટ્ટ

એટલે કે શા માટે પન્હાલા કિલ્લો ? ભાઈ, શા માટે નહિ ? અરે, એ તો આપણા ભગિની-બંધુ રાજ્યનો મહત્ત્વનો ભૌગોલિક ભાગ. એનો ઇતિહાસ ઊજળો. હા, એમ તો આપણા રાજ્યનોય ઇતિહાસ ક્યાં ઓછો ઊજળો છે ? સગી માનાં જણ્યાં જેવા ગુજરાત-મહારાષ્ટ્રની આબોહવા પણ પ્રલંબ દરિયાકિનારાને કારણે વધતે-ઓછે અંશે લગભગ સરખી જ હોવાના કારણે ઉભયને એકબીજાનું વળગણ હોય તે સ્વાભાવિક છે. ઐતિહાસિક પશ્ચાદ્ભૂ ધરાવતાં બંને રાજ્યો છતાં મહારાષ્ટ્રની વીરભૂમિ પર છત્રપતિ શિવાજી મહારાજે જીજાબાઈના દૂધની લાજ રાખી પોતાની શૂરવીરતાને કારણે. માતૃભૂમિની પણ ઇજ્જતના ધજાગરા ધરાર થવા ન દીધા. એવા પ્રદેશની છાતી પર ઊભેલા કોલ્હાપુર શહેરથી વીસ કિમી. ઉત્તરપશ્ચિમે સહ્યાદ્રિ પર્વતશ્રેણી ઉપર દૃષ્ટિ કરીને ઊભેલો અભેદ્ય કિલ્લો પન્હાલા પન્હાલગઢ કે પન્હાલ્લા તરીકે પણ ઓળખાય છે. ગામ પણ પન્હાલા અને એ નામનો અર્થ છે ‘સર્પનું નિવાસસ્થાન - દર’ બારમી સદીમાં બંધાયેલા કુલ પંદર કિલ્લાઓમાંનો એક આ કિલ્લો ઊંચાઈમાં સૌથી નાનો અને વિસ્તારમાં સૌથી મોટો છે. ઊંચાઈ છે ૩૧૨૭ ફૂટ (દરિયાસ્તર મુજબ) અને વિસ્તાર છે ચૌદ કિમી.ના ઘેરાવા સ્વરૂપે. ૮૪૫ મીટરનું વૉચ ટાવર. કિલ્લો ચોમેર સપાટ મેદાનથી ઘેરાયેલો છે. તેના ભૂગર્ભમાં અનેક ટનલ્સનો સમાવેશ થાય છે જેમાંની એક, એક કિમી.ની છે. આ ખાસિયતોને કારણે તે ડેક્કન(દખ્ખણ)નો સૌથી મોટો કિલ્લો કહેવાય છે. ગોળ ફરતે કિલ્લેબંધીની અંદર અનેક સ્થાપત્યો, ઘર અને મંદિરોનો સમાવેશ થાય છે. ભારતના એક હજાર કિલ્લાઓમાંથી ૩૫૦ તો મહારાષ્ટ્રમાં જ છે. રાજા ભોજ અને ઇબ્રાહીમ આદિલ શાહ-I દ્વારા તે વર્ષો સુધી વપરાયો.

પન્હાલા કિલ્લો બારમી સદીના આરંભે બંધાયો ત્યારે તેમાં પથ્થર, ચૂનો, સીસું અને ગોળના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રણનીતિ અને યુદ્ધકળામાં રચ્યાપચ્યા રહેતા મરાઠા, મુઘલો અને અંગ્રેજોનું ત્રેખડ સતત ચાલતું રહેતું તેથી કટાણે અચાનક અથડામણ અને ઝપાઝપીથી દરેકે સાવધ રહેવું પડતું - તેમાં આવી અદ્ભુત ઇમારતના સ્થાપત્યનો કચ્ચરઘાણ વળી જતો. અનેક શિલાલેખો આ વાતની સાક્ષી પૂરે છે કે ‘હેમાડપંથી શૈલી’થી સજાવાયેલા પન્હાલા કિલ્લામાં દીવાલમાં પથ્થરો અને બારી-બારણામાં કાષ્ઠકળામાં પરસ્પર સાલવવાની ટૅક્નિકનો ઉપયોગ થયો હતો તે સેંકડો વર્ષો પછી પણ અક્ષુણ્ણ રહી છે. સાત કિમી.ની કિલ્લાની ફરતી મજબૂત દીવાલ લગભગ ત્રિકોણ જેવા આકારનો આભાસ ઊભો કરે છે. અનેક વિભાગોમાં વહેંચાયેલા આ મહાકાય કિલ્લામાં ઊભા, સીધા ચઢાણ થકી છજાની મદદથી ઢાળ પરથી લસરતી આડી દીવાલ કિલ્લાનું રક્ષણ કરે છે. તે રેમ્પાર્ટને રાજદીંડી કહેવાય છે. બાકીના વિભાગો પાંચથી નવ મીટરના છજા વગરના ઢાળ ધરાવે છે. ગોળ ફરતે તે બુરજથી રક્ષાયેલો રહે છે.



પ્રસ્તુત કિલ્લાનું મોટા ભાગનું સ્થાપત્ય બીજાપુરી શૈલીનું છે જેમાં મોર બુટ્ટા (બહમની સલ્તનતનું દેખીતું સ્ટ્રક્ચર) અત્યંત આકર્ષક છે. વળી, કેટલાક જૂના બુરજમાં કમળબુટ્ટા ભોજના સમયનું સમર્થન કરે છે. આ અતિ સુંદર સ્થાપત્યને કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ વિભાગે સંભાળી લીધું છે. કિલ્લા પરિસરમાં આવેલ કેટલાંક બચેલાં સ્થાપત્યોને મળીએ તો અંધાર બાવલીથી શરૂ કરીએ. આ વાવના જળસંગ્રહમાં ઝેરી દવા ભેળવી દુશ્મનોને ભગાડવામાં આવતા. ત્રણ માળની આ વાવને સંતાડી દીધેલી - ઊંચા પવનદાર પગથિયાંની મદદ વડે. એમાં પોતાના સૈનિકોને સંતાડી રખાતા. અહીં છૂમંતર થવાના રૂટ પણ છે. કલાવંતીચા મહલ - જેનું બીજું નામ નાયકિની સજ્જા છે, જેમાં છતની શૃંગારિક સજાવટને કારણે એ 'રંગમહેલ' કહેવાયો. દરબારી સ્ત્રીઓનું આ રહેઠાણ હતું.

અંબરખાના કિલ્લાના કેન્દ્રસ્થાને છે જેમાં અનાજના ત્રણ કોઠારો છે. બીજાપુરી શૈલીનાં એ ત્રણેય સ્થાપત્યનાં નામ છે - ગંગા, યમુના અને સરસ્વતી. લગભગ ૩૦૦ કિલોની ક્ષમતાવાળી આ કોઠીઓ ૯૫૦ ચોરસ મીટર એરિયામાં ફેલાયેલી છે. ઊંચાઈ છે ૧૦.૫ મીટર - જેમાં ચોખા, રાગી અને અન્ય ખડધાન સચવાતાં. આ મકાનોની બંને બાજુએ સીડી અગાશી તરફ જાય - જેમાં સોળ ખાનાં છે. દરેકમાં નાનું દ્વાર હોય જેમાંથી અનાજ ભરાય અને સેરવી લેવાય. ઉપર ગુંબજદ્વાર અને બાલ્કનીવાળો ઓરડો દેખાય.

ધર્મકોઠી - પથ્થરની ૫૫ ફૂટ × ૪૮ ફૂટ × ૩૫ ફૂટ માપની અન્ય ત્રણ કોઠીઓ જરૂરિયાતમંદ જનતાને અનાજ પૂરું પાડતી. સજ્જા કોઠી બીજાપુર શૈલીમાં (દક્ષિણની કળાશૈલી) વ્યૂઈંગ પેવેલિયન તરીકે વપરાતી જેની ઉપર ગુંબજ છે. બાલ્કનીઓ ઝૂલતી દેખાય - જે કિલ્લાની સીધી દીવાલ પર ઝળૂંબેલી લાગે.

**(અનુસંધાન ૨૪મા પાને)**

# આપણી કૉલેજો વિશે...

હાસ્ય

## રતિલાલ બોરીસાગર

થોડાં વરસ પહેલાં એક વાલી બીજા વાલીને પૂછતા, ‘તમારો દીકરો (કે દીકરી) કઈ કૉલેજમાં ભણવા જાય છે ?’ હવે સત્યના આગ્રહી વાલી પૂછે છે, ‘તમારો દીકરો (કે દીકરી) કઈ કૉલેજમાં જાય છે ?’ ‘કૉલેજમાં જવું’ એટલે ‘ભણવા જવું’ એવું સમીકરણ હવે જૂનું થઈ ગયું છે. ખરેખર તો કૉલેજમાં જવું-નો અર્થ ‘ભણવા, સિવાય ઘણાં ઘણાં માટે જવું’ એવો થાય છે, આ ‘ઘણાં ઘણાં’માં શેનો શેનો સમાવેશ થાય છે તે કૉલેજનો વિસ્તાર, કૉલેજની સંખ્યા, પ્રિન્સિપાલની ઉદારતા અને અધ્યાપકોની સહનશક્તિ અને વિદ્યાર્થીઓની હિંમત અને સાહસિકતા પર આધાર રાખે છે.

તમે કોઈ કૉલેજ પાસેથી પસાર થશો તો તમને રંગબેરંગી કપડાંવાળાં યુવક-યુવતીઓનાં ટોળાં આમતેમ ફરતાં અથવા ઊભાં ઊભાં વાતો-મજાક-મસ્તી કરતાં દેખાશે. એક વાર હું મારા મિત્રની સાથે એક કૉલેજ પાસેથી પસાર થતો હતો ત્યારે મિત્રે નિસાસો નાખીને કહ્યું, ‘અરેરે ! શું થવા બેઠું છે, આ દેશનું ?’

‘કેમ શું થયું ?’ મેં ચિંતાતુર સ્વરે પૂછ્યું. આજ સવારના છાપું વાંચી શકાયું નહોતું એટલે દેશ પર આવી પડેલી આફત વિશે હું અજાણ રહી ગયો હોઈશ એમ મને લાગ્યું. એક નાગરિક તરીકે મારા માટે આ સારું ન કહેવાય એવી ગુનાની લાગણી પણ મારા હૃદયમાં જન્મી.

‘આ છોકરા-છોકરીઓ ભણવા માટે કૉલેજમાં દાખલ થાય છે. પણ આમ બહાર રખડ્યાં કરે છે. આ લોકો દેશને કેવી રીતે ચલાવશે ?’ મિત્રે ફરી પ્રલંબ નિસાસો નાખ્યો.

‘આઝાદી પછીનાં આટલાં વર્ષોમાં દેશનું એટલી હદે બગડી ચૂક્યું છે કે હવે કોઈ પણ માટે દેશનું વધુ બગાડવાની તકો ઘણી ઓછી છે.’

‘તમે મારી વાત મજાકમાં ન ઉડાવી દો. તમને કંઈ થતું નથી, આ છોકરા-છોકરીઓને આમ હરતાં-ફરતાં જોઈને ?’

‘થાય છે ને ! ઈર્ષા થાય છે. આપણે બહુ વહેલા જન્મી ગયા ને બોચિયાની જેમ ભણભણ કર્યું. આ સમયમાં જન્મ્યા હોત તો આપણેય આ લોકોની જેમ લહેર કરતા હોત ને ? આપણે સિરિયસલી ભણ્યા તોય દેશનું બગડતું કંઈ અટકાવી શક્યા ?’

મિત્રે પ્રતિવાદ ન કર્યો. પણ મારી વાત એમને ગળે ઊતરી હોય એમ લાગ્યું નહિ. અમે છૂટા પડ્યા ત્યાં સુધી એમણે નિસાસા નાખ્યા કર્યા.

મારા એક મિત્રનો દીકરો કૉલેજમાં પ્રોફેસર થયો. પ્રોફેસરનાં ઊંચાં પગારધોરણો જોઈ એ આકર્ષાયેલો. કૉલેજના પ્રોફેસરોનાં ઊંચા પગારધોરણની ઘણી ટીકા થાય છે. ‘વરસમાં અમુક દિવસ કલાક-બે કલાક કામ કરવાનો આટલો બધો પગાર ?’ એવો પ્રશ્ન ઘણાંને થાય છે. પણ હું એમ નથી માનતો. પ્રોફેસરોને યુ.જી.સી.ના પગારધોરણ કરતાં પણ વધુ પગાર રાજ્ય સરકારે આપવો જોઈએ એવી મારી લાગણી છે. પ્રોફેસરોને

માત્ર ભણાવવા માટે જ પગાર નથી મળતો. કૉલેજોમાં તોફાન થાય છે, પ્રોફેસરોને કેટલીક વાર માર પડે છે. આ માર ખાવાનું સ્પેશિયલ ઍલાઉન્સ મેળવવાનો પણ પ્રોફેસરનો નોકરીસિદ્ધ અધિકાર છે. ઉમાશંકર જોશી કહેતા કે, ‘અમારે અધ્યાપકોને મન વર્ગ એ જ સ્વર્ગ છે.’ પણ હવે તો વર્ગમાંથી જ સીધા સ્વર્ગમાં જતા રહેવું પડે એવું જોખમ ઊભું થયું છે. એટલે પ્રોફેસરોને જે પગાર મળે છે તેમાં પચાસ ટકા પગાર આ જોખમ અંગે મળે છે; ચાળીસ ટકા પગાર કૉલેજમાં નિયમિત જવા માટે મળે છે, (સરકારી કર્મચારીઓને ઑફિસે જવા માટે મળે છે એ રીતે) અને દસ ટકા પગાર એને ક્યારેક-ક્યારેક ભણાવવાની તક મળે અને એ વખતે એનો ભણાવવાનો મૂડ હોય તો એને માટે એટલે કે ભણાવવા માટે મળે છે.

મેં પ્રોફેસર થયેલા મિત્રપુત્રને પૂછ્યું, ‘તારી કૉલેજમાં ડિસિપ્લિન કેવી છે ?’

‘બહુ સારી તો નથી. પણ અમને કશી તકલીફ નથી પડતી.’

‘કેમ ? વિદ્યાર્થીઓ વર્ગમાં તોફાન કરે તો તકલીફ તો પડે જ ને ?’

‘મોટા ભાગના વિદ્યાર્થીઓ વર્ગમાં આવતા જ નથી. કોઈ વાર ચેઈન્જ ખાતર એ લોકો વર્ગમાં આવે છે ત્યારે તોફાન કરે છે પણ એ વખતે અમે પ્રોફેસરો વર્ગમાં નથી જતા !’

વિદ્યાર્થીઓ વર્ગમાં જવાને બદલે બહાર ચોગાનમાં હરેફરે એના ઘણા લાભો છે. એક તો ખુલ્લી હવામાં ફરવાને લીધે, સ્કૂટર પર બેસી શિયાળાની સવારનો તડકો માણવાને કારણે આરોગ્ય તો સારું રહે જ છે, પણ ઝાઝો સમય બહાર ચોગાનમાં ગાળવાને કારણે યુવક-યુવતીઓ એકબીજાના નિકટના પરિચયમાં આવે છે અને એને પરિણામે એમના જીવનનો મહત્ત્વનો પ્રશ્ન-લગ્નનો પ્રશ્ન ઊકલી જાય છે. જોકે આ કારણે કેટલાંકનાં જીવનમાં એટલા બધા પ્રશ્નો ઊભા થાય છે કે પછી તેઓ જીવનભર એ પ્રશ્નોમાં જ અટવાયેલા રહે છે !

એક વખત એક કૉલેજ પર પથ્થરમારો થયો. પથ્થરમારો કરનારાઓમાંથી કેટલાક પકડાયા. એમાં પંચાવન વરસની ઉંમરના એક પ્રૌઢ સદ્‌ગૃહસ્થ પણ હતા ! પોલીસ ઈન્સ્પેક્ટરને બહુ નવાઈ લાગી. એમણે પેલા સદ્‌ગૃહસ્થને પૂછ્યું, ‘તમે આ ઉંમરે પથ્થરમારામાં શું કામ જોડાયા ?’

‘સાહેબ ! સાચું કહું ? હું આ કૉલેજમાં ભણ્યો છું. મારી પત્ની મને આ કૉલેજમાંથી મળી હતી. એણે મને જે અનુભવ કરાવ્યો છે એનાથી મને મારી આ કૉલેજ પર બહુ ગુસ્સો આવે છે. હું મારી પત્નીને તો કંઈ કરી શકું એમ નથી, પણ આજે હું અહીંથી નીકળ્યો એ વખતે છોકરાઓ કૉલેજ પર પથ્થરમારો કરી રહ્યા હતા. એ જોઈ હુંય ઉશ્કેરાયો. બાકી આ લોકો શેને માટે પથ્થરમારો કરતા હતા તેય હું નથી જાણતો.’

આવું જોકે જૂજ કિસ્સામાં બનતું હશે. કૉલેજના કારણે પરણ્યાં હશે એવાં કેટલાંક સુખી પણ હશે.

ચારેક વરસ અગાઉ કૉલેજોમાં કેમ્પસ-ફી દાખલ કરવામાં આવી હતી. એ વખતે કેમ્પસ-ફીનો સખત વિરોધ થયો હતો. પણ હું માનું છું કે કૉલેજોમાં કેમ્પસ-ફી લેવાનું

તદ્દન વાજબી છે. ખરેખર તો ટ્યૂશન-ફી બંધ કરી માત્ર કૅમ્પસ-ફી જ લેવી જોઈએ. ક્લાસરૂમનો ખાસ ઉપયોગ રહ્યો નથી, માટે ટ્યૂશન ફી બંધ કરવી અને ચોગાનોનો ભરપૂર ઉપયોગ થાય છે તેથી કૅમ્પસ-ફી લેવી એ તદ્દન વાજબી વાત છે. વિદ્યાર્થી કૅમ્પસ પર હાજર થાય એટલે એની હાજરી માન્ય કરી દેવી જોઈએ. દરેક પિરિયડમાં અધ્યાપક પહેલાં મેદાન પર જઈ હાજરી પૂરે અને પછી વર્ગમાં જઈ, જે વિદ્યાર્થીઓ વર્ગમાં હોય તેમને ભણાવે. વર્ગમાં કોઈ ન હોય તો શાંતિથી કૉમનરૂમમાં બેસે, શૅરબજારનું સાહિત્ય વાંચે અથવા સહ-અધ્યાપકો જોડે ગપ્પાં મારે. કૅમ્પસ પર હાજરી પૂરવામાં અધ્યાપકોને નાનમ લાગતી હોય તો 'હાજરી પૂરનાર'ની નવી પોસ્ટ યુ.જી.સી.એ ઊભી કરવી જોઈએ અને આ કામ કરનાર માટે અંગ્રેજીમાં કોઈ સારું નામ શોધી કાઢવું જોઈએ. (આમાંથી ભવિષ્યમાં ઘેર આવીને હાજરી પૂરી જાઓ એવી માગણી ઊઠવા સંભવ છે. આવું થાય ત્યારે આ માગણી અંગે પણ સહાનુભૂતિથી વિચારી શકાશે.) ટ્યૂશન-ફી લેવાની સત્તા ફક્ત કોચિંગ ક્લાસના સંચાલકોને જ આપવી.

ઉચ્ચશિક્ષણમાં આટલા ફેરફાર તાત્કાલિક કરવા જોઈએ.

નોંધ : હજુ કેટલાક પ્રિન્સિપાલો વિદ્યાર્થીએ કૉલેજમાં હાજર રહેવું જોઈએ અને તે પણ વર્ગમાં હાજર રહેવું જોઈએ એવો દુરાગ્રહ રાખે છે. હજુ કેટલાક અધ્યાપકો વર્ગમાં ભણાવવાનો આગ્રહ રાખે છે, હડતાળ વખતેય ભણાવવાનો આગ્રહ રાખે છે. આવા જીવોને પ્રભુ સદ્‌બુદ્ધિ આપે !

---

**(૨૧મા પાનાનું ચાલુ)**

તીન દરવાજા - આ ડબલ ગેટવે ધરાવે છે. છજાઓ અને કમાનોની વચ્ચે દરબાર હૉલ છે. બહાર અલંકૃત ખંડ છે જેની ઉપર સુશોભનયુક્ત નેવાં છે. અંદર કોતરણી-નકશીયુક્ત ફૂલ-પત્તી બુટ્ટાઓ છે જેમાં એક ગણેશજી છે. પર્શિયન શિલાલેખ પણ છે. વાઘ દરવાજામાં પણ શોભાયમાન રાજદીંડી બુરજ હજુ હેમખેમ છે. મંદિરો-સ્મારકો - મહાકાલી સહિત અનેક મંદિરો જેમાં અંબાબાઈનું મંદિર સૌથી જૂનું છે. જેમાં શિવાજી જતા. તારાબાઈ મહેલમાં શાળા અને સરકારી કચેરીઓ છે. 'માસાઈ પઠાર' કુદરતી સૌંદર્યથી ખચિત મેદાન છે. આ કિલ્લો એક ભવ્ય દસ્તાવેજ છે. બારમી સદીનો - જે હજુ મજબૂત છે. તેનાં દ્વારો, છત અને સ્તંભો પરની નકશી-કોતરણી અદ્‌ભુત દૃશ્ય સર્જે છે. આસપાસ-ખીણમાં અને ખીણ ઉપર લીલાંછમ વૃક્ષો કુદરતી સૌંદર્યનો સમૃદ્ધ વારસો જાળવે છે. આ કિલ્લામાં શિવાજી મહારાજ ૫૦૦ દિવસો રહેલા - સાત પત્નીઓ અને બહોળા પરિવાર સાથે. જેના રાજ્યાભિષેક થયેલા હોય તેના નામની આગળ 'છત્રપતિ' લાગે. અન્યને માટે અટક તરીકે 'છત્રપતિ' શબ્દ નામ પછી વપરાય.

દુશ્મનોનેય વ્હાલા શિવાજી મહારાજે દેશસેવા તો કરી જ; પરંતુ ધર્મ, સ્થાપત્ય, સાહિત્ય અને કળાને ઉજાગર કરતું ભવ્ય જીવન પણ જીવ્યા !

# દરેક શહેરમાં વૃક્ષ-હૉસ્પિટલ

પ્રીતિ શાહ



રોહિત મેહરા

અમૃતસરમાં આવેલી એક હૉસ્પિટલમાં નથી આઈ.સી.યુ. કે નથી ઑપરેશન થિયેટર. અહીં નથી સેવા-શુશ્રૂષા કરનારી નર્સ કે નથી નિદાન કરતા ડૉક્ટર, ન દર્દીના પલંગ છે કે ન સ્પેશિયલ રૂમ ! એનું નામ છે પુષ્પા ટ્રી ઍન્ડ પ્લાન્ટ હૉસ્પિટલ ઍન્ડ ડિસ્પેન્સરી. આ હૉસ્પિટલ જાન્યુઆરી, ૨૦૨૦થી કાર્યરત છે. અમૃતસરમાં જન્મેલા અને ડીએવી કૉલેજમાં અભ્યાસ કરીને આઈ.આર.એસ. ઑફિસર તરીકે દિલ્હીના ઇન્કમટૅક્સ ડિપાર્ટમેન્ટમાં કાર્ય કર્યું. આ હૉસ્પિટલના સ્થાપક રોહિત મેહરાનું કહેવું છે કે વિશ્વની આ સર્વપ્રથમ ટ્રી ઍન્ડ પ્લાન્ટ હૉસ્પિટલ છે. નાનપણમાં બાગકામમાં થોડો રસ હતો, પરંતુ એમણે ક્યારેય એવું નહોતું વિચાર્યું કે એમનો આ રસ તેમના 'પેશન'માં પરિવર્તિત થશે. એક વખત લુધિયાણામાં પ્રદૂષણ વધી જતાં પુત્રની સ્કૂલમાં રજા જાહેર થઈ. આ સમયે તેઓ પોતાની સ્કૂલની જિંદગીના મનભર આનંદ વિશે વિચારવા લાગ્યા. તેમને થયું કે અત્યારે આ પરિસ્થિતિ છે તો ભવિષ્યનાં બાળકો તો સ્કૂલનો આનંદ નહીં માણી શકે. ખેલકૂદ અને ધીંગામસ્તી ક્યાંથી કરશે ? તો આવનારી પેઢીને આપણે શું આપીને જઈશું ? આ વિચાર સાથે એમણે ૨૦૧૫માં પોતાના જીવનકાળ દરમિયાન એક લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો, કારણ કે તેઓ માને છે કે કંઈ પણ ખોટું જોઈને અફસોસભરી પ્રતિક્રિયા આપો તેના બદલે તે ક્ષેત્રે સક્રિય આચરણ કરવું જોઈએ.

રોહિત મેહરા કહે છે કે વૃક્ષો અને છોડ એ આપણી ઈકૉલૉજી સિસ્ટમ માટે ખૂબ મહત્ત્વનાં છે. વિશ્વની વસ્તીને શાકાહારી અને માંસાહારી એમ બે ભાગમાં વહેંચીએ, તો શાકાહારી લોકોનો આધાર વૃક્ષો અને છોડ છે. જ્યારે માંસાહારી લોકો જે પ્રાણીઓનું માંસ ખાય છે તે પ્રાણીઓનો આધાર પણ વૃક્ષો અને છોડ છે, તેથી માનવજાતિ અને આ ગ્રહની તંદુરસ્તીનો આધાર વૃક્ષો અને છોડની તંદુરસ્તી પર રહેલો છે. આ વિચાર સાથે તેમણે આ હૉસ્પિટલ શરૂ કરી. તેઓ જણાવે છે કે જગદીશચંદ્ર બોઝે પણ કહ્યું છે કે વનસ્પતિમાં પણ જીવ હોય છે. માનવી અને પશુપક્ષી બીમાર થાય છે તો તેમના માટે ડૉક્ટર હોય છે, પરંતુ કોઈ વૃક્ષ કે છોડ બીમાર પડે તો તેના માટે શું ? તેની સારવાર માટે આ હૉસ્પિટલ શરૂ કરી છે. તેઓ બત્રીસ પ્રકારની સર્વિસ આપે છે. જો કોઈ જમીન યોગ્ય ન હોય તો તે વૃક્ષનું પુનર્વસન કરે છે. ઘણી વખત દીવાલ કે અન્ય જગ્યાએ વૃક્ષ

આપોઆપ ઊગે છે. તો તેને ત્યાંથી હટાવીને નવી જગ્યા પર જીવનદાન આપે છે, કોઈ વૃક્ષ વિકૃત થઈ ગયું હોય, કોઈ રોગ લાગુ પડ્યો હોય, ફળ ન આવતાં હોય, કોઈએ વૃક્ષને કાપવાને બદલે ઝેરી ઈંજેક્શન આપ્યું હોય તો તે તેને ઝેરમુક્ત કરે છે. ઊધઈ કે અન્ય જંતુઓથી બચાવે છે. ટ્રી ગાર્ડ કે ટ્રાન્સપ્લાન્ટેશન જેવી સમસ્યાનો ઉકેલ લાવે છે અને તે પણ નિઃશુલ્ક ! તેઓ વૉટ્સએપ નંબર રાખે છે અને તેના પર વૃક્ષનો ફોટો મંગાવે છે. જરૂર પડે તો તેમની ટીમ ત્યાં જઈને તેનો ઉપાય કે ઉકેલ કરી આપે છે. હૉસ્પિટલની ટીમમાં વનસ્પતિવિજ્ઞાની, વનના ઊંડા અભ્યાસી, બાગકામ કરનારા, માળી, સ્વયંસેવકો અને વૃક્ષની સર્જરી કરનાર વ્યક્તિઓ કામ કરે છે. જો વૃક્ષને લગતી સમસ્યા દૂરના વિસ્તારમાં હોય તો તેઓ ફોન ઉપર માર્ગદર્શન આપે છે. તેમણે ઍમ્બુલન્સ તરીકે ત્રણ ઇલક્ટ્રિક રિક્ષા રાખી છે. જેમાં પૉર્ટેબલ સીડી, પાવડા, કોદાળી, દવાઓ, ફર્ટિલાઇઝર અને વૃક્ષનો વિકાસ થાય તેવું ટૉનિક વગેરે રાખવામાં આવે છે.

આ કાર્યમાં તેમનાં પત્ની ગીતાંજલિ મેહરાનો પૂરો સહયોગ મળ્યો છે. તેઓ પર્યાવરણવિદ છે. ઑર્ગેનિક તથા આયુર્વેદ વનસ્પતિઓનો જ ઉપયોગ કરે છે. તેઓ લીમડો, તજની છાલ, અશ્વગંધા, સરગવાનો પાઉડર તેમજ ફળ અને શાકની છાલનો દવા તરીકે ઉપયોગ કરે છે. લીમડાના તેલમાં ત્રીસ ટકા પાણી નાખીને જંતુનાશક તરીકે તેનો ઉપયોગ કરે છે, જેથી વૃક્ષોનો જંતુમુક્ત રહીને વિકાસ થઈ શકે. તેઓ વૃક્ષ-આયુર્વેદ અને પંચરત્નનો અભ્યાસ કરીને દવા બનાવે છે. ઊધઈનો ઇલાજ દર્શાવતાં કહે છે કે માટીના ઘડાને ગોળથી ભરીને તેને ઢાંકણાથી ઢાંકીને જમીનમાં દાટી દેવાથી પંદર દિવસમાં જમીન ઊધઈમુક્ત બની જશે. ત્યારબાદ એ ઘડાને બહાર ફેંકી દેવો. એક વખત લીમડાના વૃક્ષમાં ઝેર ચડી જવાથી તે મૃતપ્રાય થઈ ગયેલું. હૉસ્પિટલની ટીમે છાલ પરથી નિદાન કરીને તેની આસપાસની જમીન ખોદી નાખી. તે માટી કાઢીને દસ બોરી જેટલી નવી માટી ફર્ટિલાઇઝર સાથે નાખી અને પંદર દિવસમાં તે લીમડો મહોરી ઊઠ્યો. તેઓ સાત-આઠ ફૂટ ઊંચા છોડને રિપ્લાન્ટ કરે છે, તેનાથી ઊંચા હોય તો તેમની પાસે હજી એવી સગવડ નથી. એમને રોજના વીસથી ત્રીસ કૉલ આવે છે. યુ.કે.થી ફંગસ અને બાર્ક બીટલથી ખવાઈ ગયેલા વૃક્ષ માટે માર્ગદર્શન મેળવવા ફોન આવેલો, તો પૅરિસમાં આવી હૉસ્પિટલ શરૂ કરવાનું નિમંત્રણ મળ્યું હતું, પરંતુ તેમણે ફોન પર માર્ગદર્શન આપ્યું.

તેમણે અત્યાર સુધીમાં લાખો પ્લાસ્ટિક બૉટલમાંથી સાડા સાતસો જેટલા વર્ટિકલ ગાર્ડન બનાવ્યા છે. અડધા એકરથી બાર એકર સુધીના સાડા ચારસો માઇક્રો ફૉરેસ્ટ ઊભા કર્યા છે. માઇક્રો ગાર્ડન, ફ્રૂટ ગાર્ડન, સીડ બોલ માટે જાણીતા રોહિત મેહરાએ 'ગિફ્ટ લંગ્સ ટુ ફ્યૂચર જનરેશન', 'થર્ટીવન હેબિટ્સ ટુ સેવ અવર પ્લૅનેટ' જેવાં પુસ્તકો લખ્યાં છે. ગ્રીન હૅબિટ પાડવામાં આવશે તો જાગૃતિ અને અમલીકરણ વચ્ચે અંતર ઘટશે. તેઓ કહે છે કે જે લોકો આ પૃથ્વીને વધુ હરિયાળી બનાવવા ઇચ્છે છે તેનો આભાર વ્યક્ત કરવા અમે આ કાર્ય કરીએ છીએ. તેમનું સ્વપ્ન છે કે તેમના મૃત્યુ પહેલાં દરેક શહેરમાં ટ્રી હૉસ્પિટલ બને !

# ચીનના મિઆનયાંગનું પિક્સેલૅન્ડ – એક રંગીન રમત



હેમંત વાળા

ચીનનું આ મિઆનયાંગ શહેર ઇલેક્ટ્રૉનિક્સ ઉદ્યોગ માટે જાણીતું છે અને તેને કારણે આ પ્રકારની રચનાની પ્રેરણા મળી હોવી જોઈએ. ઈ. સ. ૨૦૧૯ના કોરોનાના થોડા સમય પહેલાં જ આ રચનાનું લોકાર્પણ થયું હતું. આ એક વ્યસ્ત જીવન વચ્ચે હળવાશની અનુભૂતિ માટે આવાસસમૂહની વચમાં રચાયેલું જાહેર સ્થાન છે, જેમાં ઇલેક્ટ્રૉનિક ઉદ્યોગની એક ચોક્કસ બાબત પ્રખરતાથી પ્રસ્તુત કરાઈ છે અને તે પણ રંગના માધ્યમથી.

નવું કરવાની ચાહ, અલગ કરવાની ચાહ, જે તે માન્યતાને દૃઢતાપૂર્વક સ્થાપિત કરવાની ચાહ, ઇતિહાસમાં નામ અંકિત કરી દેવાની ચાહ અને આ બધાં માટે, વધુ સારી રચનાની સંભાવના ન હોય ત્યારે અતિશય ભિન્નતા દ્વારા ઊભરી ઊઠવાની ચાહ ક્યારેક પ્રશ્નો ઊભા કરી શકે. લાગે છે કે અહીં અતિશયોક્તિ થઈ છે. અમુક સમય સુધી અમુક માત્રામાં અમુક પ્રકારના રંગ સાથે સંવાદ સ્થાપી શકાય, જ્યારે આ માત્રા અપ્રમાણસરની થઈ જાય ત્યારે પ્રશ્નો ઊભા થઈ શકે. અહીં પણ કયો રંગ છે તે મહત્ત્વનું બની રહે. આ પ્રકારનાં જાહેર સ્થાને જો અમુક ભડકદાર રંગોનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં થયો હોય તો તે પ્રકારની રચનાની ભાવનાત્મક સ્વીકૃતિ બહુ મર્યાદિત સમય માટે હોય. પાણીપૂરી જેવો ચટપટો સ્વાદ ક્યારેક સારો લાગે, અમુક સમય સુધી સારો લાગે, અમુક માત્રામાં સારો લાગે. જો જીવન પાણીપૂરી પર જ આધારિત રહેવાનું હોય તો તે ભાગ્યે જ કોઈ સ્વીકારી શકે. ચીનના મિઆનયાંગ પ્રાંતની આ પિક્સેલૅન્ડ નામની રચના કંઈક અંશે પાણીપૂરી જેવી છે અને તે પણ 'જલદ'. આ રચનાનું નામ તેની પાછળના 'પિક્સલેટ'ની મૂળભૂત રચનાને આધારિત હોવાથી તેનું નામ પિક્સેલૅન્ડ રાખવામાં આવ્યું છે.


પિક્સેલેટ એ ડિજિટલ છબી અથવા વીડિયોને અલગ અલગ રંગીન ચોરસમાં વિભાજિત કરી, તેને દર્શાવવાની એક ઇલેક્ટ્રૉનિક વૈજ્ઞાનિક શૈલી છે. અહીં સમગ્ર ક્ષેત્રને ગ્રીડ ગોઠવણી પ્રમાણેના નાના નાના ચોરસમાં વિભાજિત કરી, દરેક ચોરસને રંગ દ્વારા એક ચોક્કસ ઓળખ આપવામાં આવે છે. આ બધાં જ ચોરસ એકસાથે એક છબી પ્રસ્તુત કરે. ચોરસનું માપ જેમ નાનું તેમ છબીમાં સ્પષ્ટતા વધુ. એક સમય હતો જ્યારે બ્લૅક ઍન્ડ વ્હાઇટ છબીની પ્રિન્ટ કરવામાં આવતી ત્યારે તે જુદાં જુદાં માપનાં કાળાં ટપકાંથી નિર્ધારિત થતી. પિક્સેલેટમાં ગોળાકાર ટપકાંના સ્થાને ચોરસનો ઉપયોગ થાય છે. આ એક વૈજ્ઞાનિક જરૂરિયાત છે, સામાજિક નહીં. આ એક તકનીકી જરૂરિયાત છે, ભાવાત્મક નહીં. આ એક ઇજનેરી વાસ્તવિકતાને કારણે સ્થાપિત થયેલી બાબત છે, તેને સ્થાપત્યલક્ષી માનવીય સંવેદના સાથે કોઈ મતલબ નથી. આવી બાબતને જ્યારે સ્થાપત્યમાં સમાવવામાં આવે ત્યારે ખાસ ધ્યાન રાખવું પડે. સમાજ



તકનીકી બાબતોને એક રીતે જુએ છે અને કળાને ભિન્ન રીતે. આ વાસ્તવિકતા સમજવી પડે. છતાં પણ જો તકનીકી બાબતોને સ્થાપત્યમાં અમુક પ્રકારનું પ્રાધાન્ય આપવું જ હોય તો તેની માત્રા નિયંત્રિત હોવી જોઈએ. કાં તો આકાર સાથે થોડી બાંધછોડ જરૂરી બને કાં તો રંગને સૌમ્ય બનાવી શકાય, કાં તો સમગ્ર ગોઠવણમાં ક્યાંક મુક્તતા ઉમેરી શકાય. અન્ય પણ સંભાવના હોઈ શકે. પરંતુ જ્યારે આવું કશું જ ન થાય ત્યારે તે રચના ક્યાંક 'માથામાં વાગે', અમુક પછી તો વાગે જ.

આવાસ સમૂહ વચ્ચેની જગ્યાને રસપ્રદ બનાવવા માટેનો આ પ્રયત્ન છે. અહીં પ્રાપ્ત, કંઈક અંશે ઊંચીનીચી જગ્યાને ચારેબાજુથી કાપીકૂપીને વચ્ચે ૫.૦૦ × ૫.૦૦ મીટરની ચોરસ ગ્રીડ ઊભી કરાઈ છે. આ માપની પસંદગી પાછળ એકમાત્ર કારણ હોઈ શકે અને તે છે તેમાં રહેલી ઉપયોગિતાની સંભાવના. આ રીતે નિર્ધારિત થયેલ દરેક ચોરસની પોતાની ઓળખ છે, પોતાની ઉપયોગિતા છે, પોતાનો રંગ છે, પોતાની આઈડેન્ટિટી - પોતાનું સ્પષ્ટ અસ્તિત્વ છે. એક રીતે જોતાં આમાં દરેક ચોરસ એક વિશેષ કામ કરે છે, જુદું જુદું કામ કરે છે. દરેક ચોરસ સાથે એક ખાસ ઉપયોગિતા સંકળાયેલી છે. વળી, પ્રત્યેક ચોરસનો સમગ્રતાની અનુભૂતિમાં પોતાનો ફાળો છે તે છતાં પણ દરેક ચોરસ પોતાની આગવી અને સ્વતંત્ર ઓળખ જાળવી રાખે છે. એક ચોરસ બીજા ચોરસનાં ક્ષેત્રથી સાવ અલગ રહે છે. આજુબાજુની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અથવા તો ચોક્કસ પ્રકારની ઉપયોગિતાની જરૂરિયાત મુજબ અથવા તો લૅન્ડસ્કેપના પ્રકારની પસંદગી મુજબ ક્યાંક ચોરસનું માપ નાનું પણ કરાયું છે. પણ આ પ્રકારનો નિર્ણય મુખ્યત્વે ચારે બાજુની ધાર સુધી જ સીમિત રખાયો છે. ચોરસની આ પ્રમાણેની વિવિધતાને કારણે જ્યારે અહીં કોઈ લેઝર કાર્યક્રમ ગોઠવવામાં આવે ત્યારે લૅન્ડસ્કેપ સાથે સાથે હાર્ડસ્કેપનો અનુભવ પણ રસપ્રદ બની શકે.

'૧૦૦ સ્થપતિઓ'ના નામથી ઓળખાતી સંસ્થા દ્વારા આ રચના નિર્ધારિત થઈ છે. અહીં આરામથી બેસવા માટે, દોડવા-કૂદવા માટે, ચડ-ઊતર કરવા માટે, થોડો આરામ કરવા શરીર લાંબું કરી શકાય તે માટે, બાળકોને રસપ્રદ પડે તેવી રમત રમવા માટે, સાથે લઈને આવેલ ચા-નાસ્તો કરવા માટે, અનૌપચારિક વાતચીત માટે, કે આવી કોઈ પણ પ્રકારની સમય પસાર કરવાની પ્રવૃત્તિ માટે સગવડ રહેલી છે. આ સાથે એક નાનકડું એમ્ફી-થિયેટર પણ છે. આજના સંદર્ભમાં કહીએ તો અહીં સેલ્ફી લેવા માટે અનેક સંભાવના છે. આમ તો આ સમગ્ર રચના બાળકલક્ષી છે, પરંતુ અન્ય વયના લોકો પણ તેમાં સંમિલિત થઈ શકે છે.



એક ધારણા પ્રમાણે અહીં ઉપયોગકર્તાને રંગ દ્વારા ઉત્તેજિત કરવાનો પ્રયત્ન થયો છે, તેને બદલે કદાચ પ્રોત્સાહિત કરવાની જરૂર હતી. અહીં દરેક પ્રવૃત્તિને ઓળખ મળે છે પણ દરેક પ્રવૃત્તિ અલાયદી રહે છે જેને કારણે આવાં સ્થાને જે માનવ-માનવ વચ્ચેનું સમીકરણ દૃઢ થવું જોઈએ તેની સંભાવના ઘટી જાય છે. પ્રારંભિક નજરે પરિસ્થિતિ સુંદર લાગે, પરંતુ ત્યાં નજર લાંબા સમય સુધી ટકી નથી શકતી. પહેલી નજરે પરિસ્થિતિ રમતિયાળ પણ લાગે, પરંતુ ભૌમિતિક ગોઠવણની દૃઢતાને કારણે, ચોરસ આકારની દૃશ્ય મજબૂતાઈને કારણે, રમતિયાળપણું થોડા સમયમાં જ નાટકીય રીતે ઓછું થઈ જાય છે. ઉપયોગિતામાં વિવિધતા છે પણ આ વિવિધતા સાથે રંગનો તાલમેલ દેખાતો નથી. અહીં જાહેર જગ્યાની રચના માટે આ એક વિશેષ પ્રકારની 'વિભાવના' છે, પરંતુ તેમાં લોકોની કેટલીક સંવેદનાઓ નજરઅંદાજ થઈ હોય તેમ જણાય છે. ક્યારેક એમ લાગે છે કે જ્યારે આબોહવા વિપરીત હોય ત્યારે આ સ્થાનની ઉપયોગિતા લગભગ શૂન્યવત્ થઈ જાય.

નવા વિચારની આવશ્યકતા છે, પરંતુ માત્ર નવું કરવા માટે કશું પણ કરવું તે પ્રકારની ઘેલછા ઇચ્છનીય નથી. ક્ષિતિજો વિસ્તરવી જોઈએ, પરંતુ તેનો વિસ્તાર અનિચ્છનીય દિશા તરફનો ન હોવો જોઈએ. ફ્રેશનેસ જરૂરી છે, પણ તેનો અર્થ એ નહીં કે ફળ પાકે તે પહેલાં તેનો ઉપયોગ કરી લેવાનો. રંગીન પિક્સેલેટની વિભાવના સારી છે પરંતુ ક્યાંક મર્યાદા ઓળંગાઈ ગઈ છે. વિચાર પરિપક્વ થાય તે પહેલાં ક્યાંક તેનો ઉપયોગ થઈ ગયો હોય તેમ જણાય છે. સ્થાપત્યમાં વિવેક અને સંયમની આવશ્યકતા હવે વધુ ને વધુ જરૂરી બનતી જાય છે.

# ‘કવિ કાન્ત’ ફિલ્મ

## સંશોધન, શબ્દ, છબી અને ધ્વનિનું રસાયણ



અમૃત ગંગર

૧૯૬૧ના વર્ષમાં સત્યજિત રાયદિગ્દર્શિત રવીન્દ્રનાથ ટાગોર નામની ફિલ્મકૃતિ હજી મોજૂદ છે. મારા અમેરિકા-સ્થિત મિત્ર મુકુલ પંડ્યા (જેના કવિ કાન્ત પરનાના થાય) અને મારા મનમાં રવીન્દ્રનાથ ટાગોર ફિલ્મકૃતિ મૉડલ સ્વરૂપે હતી. અલબત્ત શરૂઆતના ગાળામાં અમારી આકાંક્ષાઓ ઘણી ઊંચી હતી. વર્ષ ૨૦૨૨માં મુકુલે તેના પિતરાઈઓ સાથે મળીને પૂર્વાલાપ ફાઉન્ડેશનની સ્થાપના કરી. આ ફાઉન્ડેશનના ટ્સ્ટ્રીમંડળમાં નિહાર ભટ્ટ, નેહા પટેલ, સોનલ જૈન, શર્વરી ભટ્ટ, દામિની શર્મા અને મુકુલ પંડ્યાનો સમાવેશ થાય છે.

અમદાવાદના ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સહકારથી પૂર્વાલાપ ફાઉન્ડેશને કવિ કાન્તની પુણ્યતિથિ (૧૬ જૂન, ૧૯૨૩-૧૬ જૂન, ૨૦૨૩) મનાવવા માટે વિશ્વકોશ ટ્રસ્ટના સભાગૃહમાં જ એકદિવસીય પરિસંવાદ યોજવાનું નક્કી કર્યું. પરિસંવાદમાં ચિત્રાબહેન ભટ્ટ સહિત કવિ કાન્તનાં સર્વ કુટુંબીજનો હાજર હતાં. (નોંધઃ ૧૮મી જૂને રવિવાર હોવાથી, એ તારીખ પરિસંવાદ માટે પસંદ કરી હતી. - અ.)

પૂર્વાલાપ ફાઉન્ડેશને આ પરિસંવાદને ક્યૂરેટ કરવાની જવાબદારી મને સોંપી હતી. મુકુલની સહાયથી મારી ક્યૂરેટોરિયલ કલ્પના પ્રમાણે પરિસંવાદને સાહિત્યના સ્તરે મુખ્યત્વે પદ્ય, ગદ્ય, સત્ય, નાટ્ય અને પત્રના પાંચ વિભાગોમાં ફાળવવામાં આવ્યો હતો. દરેક વિભાગમાં બે વક્તાઓ અને એક મોડરેટર હતા. સત્યના વિભાગમાં કવિ કાન્તની જીવનના સત્યને શોધવાની ખેવનામાં ઈમેન્યૂઅલ સ્વીડનબોર્ગના પ્રભાવ હેઠળ ખ્રિસ્તી ધર્મને સ્વીકારવાના નિર્ણયને આવરતા જટિલ વિષય પર બોલવા માટે અમેરિકાથી ઝૂમ પર યુવાન સ્વીડનબોર્ગ-વિદ્વાન એલિનોર શ્નાર શ્રોતાઓ સમક્ષ આવ્યા હતા અને એમની સાથે કુમારપાળ દેસાઈએ ખૂબ મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. પરિસંવાદના આરંભે અને અંતે કવિ કાન્તની બે અમર કાવ્યકૃતિઓ ‘સાગર અને શશી’ તેમજ ‘હિન્દમાતાને સંબોધન’ના આશિત દેસાઈના સ્વરાંકનને કંઠ આપ્યો હતો આલાપ દેસાઈએ અને દર્શના ભુતા-શુક્લએ. આ ગીતોનું રેકૉર્ડિંગ મુંબઈ અને કેલિફૉર્નિયામાં થયું હતું.

પરિસંવાદની અંતિમ બેઠકમાં પૂર્વાલાપ ફાઉન્ડેશન વતી પ્રથમ ફેલોશિપની ઘોષણા મુકુલ પંડ્યાએ કરી હતી. આ ફેલોશિપને પ્રાપ્ત કરનાર હતા સૂરતના યુવાન ફિલ્મ-દિગ્દર્શક જય ખોલિયા. મૂળ વિચાર હતો કવિ કાન્તના જીવનવૃત્તાંતને આવરતી ૪૦ મિનિટની એક ટૂંકી ફિલ્મ બનાવવાનો પણ સંપૂર્ણ રીતે કાન્તમય બનીને ખોલિયાએ ખૂબ ખંત, કલ્પન અને કૌશલ્યથી ૮૫ મિનિટની ફીચરલેન્થ ફિલ્મકૃતિ સર્જી - ‘કવિ કાન્ત’. જેની કેટલીક દશ્ય-કાલીય વિશિષ્ટતાઓ વિશે ટૂંકમાં વાત કરવાનો અહીં પ્રયત્ન



કરીશ. વિદિત છે તેમ જય ખોલિયાની 'કવિ કાન્ત' ભારત કે ગુજરાતમાં બનેલી સૌપ્રથમ દીર્ઘ ફિલ્મકૃતિ છે. તેની ઐતિહાસિકતા - એસ્થેટિક્સનાં બીજાં કેટલાંક સશક્ત અને નોંધપાત્ર પાસાં પણ છે, દા.ત. -

(૧) સમસ્ત કૃતિ મોબાઇલ ફોન પર હિરેન ચૌધરી અને જય ખોલિયાએ શૂટ કરી છે, બંને ગુજરાતના, ગુજરાતમાં વસતા યુવાનો છે. (૨) ગુજરાતની પ્રથમ ફિલ્મકૃતિ જે મારા સિનેમા પ્રયોગના સિદ્ધાંત અને તેના સ્રોતરૂપ રીગર ઑવ ઓસ્ટેરિટી(સાદગીની ચુસ્તતા)ના વિચારને વળગી રહે છે. (૩) એક એવી બાયૉગ્રાફિકલ ફિલ્મ જે ઝોંન્રફાઇડ ચીલાચાલુ બાયોપિક કૃતિ નથી. (૪) સપાટી પર શુષ્ક દસ્તાવેજીકરણ કરતી આ ફિલ્મકૃતિની નસોમાં રહેલી ઊર્મિઓનું આપણાં સબકૉન્શિયસમાં ઊર્ધ્વીકરણ થતું રહે છે અને એ સિનેમેટોગ્રાફિક પાસું ફક્ત તેની ચક્ષુગમ્યતામાં જ નહીં, પણ તેની કાલીયતામાં રહેલું છે. (૫) ખોલિયા પોતે એમેટર ખગોળશાસ્ત્રી હોવાના લીધે આકાશનાં અને ચંદ્રની સપાટીનાં, કૃતિના આરંભમાં સાગર અને શશી ગીતને સંગાથ આપતાં દૃશ્યો એમણે જ ટેલિસ્કોપ વડે લીધેલાં છે. (૬) વાદળો, ખુલ્લી ભૂમિનાં પટો, વૃક્ષો, પક્ષીઓ ને સમુદ્રના ધ્વનિઓ કવિ કાન્તનાં કાવ્યોમાં પ્રગટ થતા પ્રકૃતિપ્રેમને સૂચવે છે, જે પ્રતીકાત્મક કરતાં કાલીય અને કાવ્યાત્મક વધારે છે. (૭) ખોલિયાના ખંતીલા ને ઊંડા સંશોધન દ્વારા આ ફિલ્મકૃતિ કવિ કાન્તનાં વિદ્વાનોને પણ ઉપયોગી થાય તેની પરેપૂરી શક્યતા.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સભાગૃહમાં જેનું રવિવાર, ૧૮મી જૂન, ૨૦૨૩ના રોજ બીજારોપણ થયું હતું એ ફિલ્મકૃતિ કવિ કાન્તનું પ્રથમ જાહેર પ્રદર્શન બુધવાર ૧૮મી જૂન, ૨૦૨૫ની સાંજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના એ જ સભાગૃહમાં થઈ રહ્યું છે. આપણે સૌ કાળચક્રને આધીન છીએ. તો ફરી આદરથી સ્મરીએ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર અને સત્યજિત રાયને.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.


'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

**બૅંકની વિગત**

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

---




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/-**




છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/-**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### (ઑનલાઇન કાર્યક્રમ)

◈ **૧૧ જૂન, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : આદિવાસી સમાજ અને સાહિત્યમાંથી પ્રગટ થતાં નોખાં જીવનમૂલ્યો
વક્તા : શ્રી ભગવાનદાસ પટેલ

◈ **૨૫ જૂન, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ભારતીય જ્ઞાનપરંપરામાં સૂર્ય, ચંદ્ર અને અગ્નિ : વૈશ્વિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વ
વક્તા : શ્રી હર્ષદેવ માધવ

### (ઑફલાઇન કાર્યક્રમો)

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૨ જૂન, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : કાવ્યાસ્વાદ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ **૨૬ જૂન, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : કાવ્યાસ્વાદ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

### રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૧૮ જૂન, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : સંશોધન, શબ્દ, છબિ અને ધ્વનિનું રસાયણ : 'કવિ કાન્ત' ફિલ્મ
વક્તા : શ્રી અમૃત ગંગર

### આસ્વાદ

◈ **૨૧ જૂન, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦**
વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'વાર્તાલાપ : હાસ્યમીમાંસા' વિશે વિખ્યાત હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગર વક્તવ્ય આપશે.

# પિતાની પુણ્યસ્મૃતિ સાથે

મારા પૂજ્ય પિતાશ્રી ડો. ચંદ્રકાન્ત શેઠ(જ. ૩-૨-૧૯૩૮; અ. ૨-૮-૨૦૨૪)ને ૨૦૨૫નો રાષ્ટ્રીય પુરસ્કાર 'પદ્મશ્રી' મરણોત્તર પ્રાપ્ત થાય છે તેવી જાણ કરતો પત્ર અમને મળ્યો હતો. તે સ્વીકારવા માટે દિલ્હી જવાનું આમંત્રણ મળ્યું હતું. સર્જન તો પપ્પાનું હતું, કર્મ તો એમનું હતું પણ તેમની દીકરી હોવાથી તેમનું આ સન્માન સ્વીકારવા માટે મારે જવાનું બન્યું. પપ્પાના આશીર્વાદ માનીને એનો સ્વીકાર કર્યો.

૨૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ હું, મારા પતિ ડો. નાનક પંડ્યા અને મારી દીકરી શાશ્વતી - અમે ત્રણ દિલ્હી પહોંચ્યાં. અમને ત્યાંની અશોકા હોટલમાં ઉતારો આપ્યો હતો. દરેક 'પદ્મ' પુરસ્કૃત મહાનુભાવોનું અહીં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. એની વ્યવસ્થા પણ અત્યંત સુંદર ! પ્રસન્નતા સાથેના આ ઉમળકાએ ચિત્તને ગદ્ગદ કરી દીધું. પપ્પા યાદ આવી ગયા અને આંખોએ આંસુનું તોરણ ! અધિકારીઓનું સહુ સાથેનું વિનય અને લાગણીભર્યું વર્તન હૃદયને સ્પર્શી ગયું.

૨૮મીએ સાંજે રાષ્ટ્રપતિભવનમાં સન્માન પ્રદાનનો કાર્યક્રમ હતો, પણ તે માટે સવારે રિહર્સલ કરવાનું હતું. અમે સવારે ત્યાં પહોંચી ગયાં. ત્યાં પણ વ્યવસ્થા અત્યંત સુંદર અને સુઘડ. દરેક મહાનુભાવોનાં કાર્યોનો પરિચય થયો. સન્માનિત વ્યક્તિની કાર્યનિષ્ઠા અને કર્મઠતાનો અમને પરિચય થયો. દેશ હોય કે વિદેશ, માનવતાલક્ષી અને જીવનમૂલ્યોનાં સંવર્ધનલક્ષી કાર્યોને આ પુરસ્કાર થકી સન્માનિત કરવામાં આવે છે ને તે વ્યક્તિને ગૌરવાન્વિત કરે છે.

૨૮ એપ્રિલ, ૨૦૨૫ની રાત્રીએ માનનીય રાષ્ટ્રપતિ સુશ્રી દ્રૌપદી મુર્મૂના વરદ હસ્તે પુરસ્કાર પ્રદાનની વિધિ કરવામાં આવી. આ પ્રસંગે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહપ્રધાન શ્રી અમિતભાઈ શાહ, અન્ય પ્રધાનશ્રી અને અનેક મહાનુભાવોની હાજરીને લીધે આખોય કાર્યક્રમ ગરિમામય, હૃદયસ્પર્શી અને અવિસ્મરણીય બની ગયો. પુરસ્કારઅર્પણવિધિ બાદ એક સમૂહ (ગ્રૂપ) ફોટો લેવાયો. બાદમાં માનનીય રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી, ગૃહપ્રધાનશ્રી સહુએ પુરસ્કૃત મહાનુભાવો સાથે હસ્તધૂનન કર્યું અને પરસ્પર વાર્તાલાપ કર્યો. આદરણીય નરેન્દ્રભાઈએ અમારી સાથે અંગત વાતચીત કરી. તેમની એ વહાલભરી વાતચીત અમારા માટે યાદગાર ક્ષણો બની રહી છે.

બીજા દિવસે સવારે 'પ્રધાનમંત્રી સંગ્રહાલય'ની લીધેલી મુલાકાતનો રોમાંચ હજી પણ અનુભવાય છે. પપ્પાના સર્જનકાર્ય અને વિદ્યાકીય કાર્યને મળેલી આ સિદ્ધિને વંદન કરું છું. મારી આંખોમાં આંસુ છે. એક, આ રીતે તેમના સારસ્વત કાર્યને મળેલી સિદ્ધિ માટે આનંદનાં અને બીજા, પપ્પા ના હોવાથી વ્યથાનાં. સહુ મહાનુભાવોને શુભેચ્છાઓ, અભિનંદન અને પ્રણામ. પપ્પાના ચરણોમાં વંદન.

**- વંદના નાનક પંડ્યા**




प्रो. (डॉ.) चंद्रकान्त त्रिकमलाल शेठ
(मरणोपरांत)

मैं, भारत की राष्ट्रपति, द्रौपदी मुर्मु, व्यक्तिगत गुणों के लिए आपके सम्मानार्थ, पद्म श्री प्रदान करती हूँ।

नई दिल्ली
दिनांक 28 अप्रैल 2025

द्रौपदी
राष्ट्रपति

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના અગ્રણી સંપાદક, પરામર્શક તથા સાહિત્યસર્જક શ્રી ચંદ્રકાન્ત શેઠનો પદ્મશ્રી (મરણોત્તર) ખિતાબ સ્વીકારતાં તેમનાં પુત્રી વંદના પંડ્યા




ઉદ્યોગપતિ શ્રી યુ. એન. મહેતાના જીવનમાં આવેલા સંઘર્ષો અને તેમણે કરેલા અપ્રતિમ પુરુષાર્થના આંતરજીવનની ઝાંખી વિશે
સંવાદ : કુમારપાળ દેસાઈ, કમલ જોશી

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.


## આધુનિક યુગને અનુલક્ષીને
## વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આધારિત ગુજરાત વિશ્વકોશ દ્વારા પ્રકાશિત
# શ્રી ચિંતન ભટ્ટલિખિત બે મૂલ્યવાન ગ્રંથો




### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ

આજે સર્વત્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સિદ્ધિની વાત થાય છે અને આ સતત વિકસતી ટૅક્નૉલૉજીના ભવિષ્યની ક્ષમતા અને એનાં ભયસ્થાનો વિશે ચોમેર ચર્ચા થઈ રહી છે ત્યારે આ વિષય પર આગવી છણાવટ કરતું 'ભાવિ પર નજર : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' પુસ્તક સહુનાં રસ-રુચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના લાભ અને ગેરલાભ વિશેની વિસ્તૃત માહિતી સરળ ભાષામાં આલેખવામાં આવી છે.

કિંમત : રૂ. ૧૪૦, પૃષ્ઠ : ૧૨૦




### પૃથ્વીથી અંતરિક્ષ ભણી

આ પુસ્તકમાં અંતરિક્ષનો પરિચય અને પૃથ્વીના વાતાવરણની સાથોસાથ અંતરિક્ષ ખેડાણ, આ ક્ષેત્રમાં કાર્યરત વિશ્વની સંસ્થાઓ, ભવિષ્યના ઉપગ્રહો, ભવિષ્યનું અંતરિક્ષયાન, સમાનવ અંતરિક્ષ અભિયાનથી માંડીને અંતરિક્ષપર્યટન, અંતરિક્ષ-યાત્રીઓનો ખોરાક, એના યાતાયાતના નિયમો, અંતરિક્ષ કચરો અને અંતરિક્ષમાં વસવાટની વિગતોની છણાવટ કરવામાં આવી છે. એની સાથોસાથ અન્ય ગ્રહો પર ચાલતી પાણીની શોધ અંગે પણ આમાં વિગતે ચર્ચા કરવામાં આવી છે.

કિંમત : રૂ. ૨૪૦, પૃષ્ઠ : ૧૮૪


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪